RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 191* Date: 02.05.2023, Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

ગુજરાતના ૫૧ તાલુકામાં પડ્યો કમોસમી વરસાદ

# અમરેલીની ગલીઓમાં પૂર જેવું પાણી વહ્યું, વરસાદી પાણીમાં ટ્રક ફસાતાં ૫ લોકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા

## અમરેલી અને વલસાડમાં વહેલી સવારથી ધોધમાર વરસાદસૌથી વધુ તાપીના વાલોદમાં એક ઈંચ વરસ્યો

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧

ગુજરાતના ૫૧ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં તાપીના વાલોડમાં સૌથી વધુ ૧ ઈંચ વરસાદ ખાબક્યો. તો જ્યારે સુરત અને પાટણ વિસ્તારમાં અડધો અડધો ઈંચ વરસાદ પડ્યો. પરંતુ આ વચ્ચે અમરેલી જિલ્લો ચર્ચામાં આવ્યો. અમરેલીની ગલીઓમાં ઘોડાપૂરની સ્થિતિ જોવા મળી હતી. અમરેલીમાં વરસાદી પાણીમાં ટ્રક ફસાતા ૫ લોકોને રેસ્ક્યૂ કરીને બચાવી લેવાયા હતા. પરંતુ માવઠું હવે જતુ રહેશે એવુ ન વિચારતા. ૨ મેથી ફરી નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી ગાજવીજ સાથે વરસાદ પડશે. સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં પણ કમોસમી વરસાદ ફરી આવશે. આ માટે ખેડૂતોને સાવચેતી માટે વિશેષ પગલા લેવા સૂચના અપાઈ છે.

ભર ઉનાળે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાઈકલોનિક સર્ક્યુલેશનને કારણે ગુજરાતમાં ઠેર-ઠેર કમોસમી વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે કચ્છમાં સતત પાંચમાં દિવસે વરસાદ નોંધાયો હતો. ગઈકાલે અમરેલી, રાજુલા, બાબરીધાર સહિતના વિસ્તારોમાં ૩ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. જેને લઈને બાબરીયાધારની ઘીયળ નદીમાં ઘોડાપૂર આવ્યું છે, જેમાં એક ટ્રક તણાઈ આવતા જી.આર.ડી જવાનોએ રેસ્ક્યૂ કરીને પાંચ લોકોનો જીવ બચાવ્યો છે.

અમરેલીના રાજુલાના ગ્રામ્ય વિસ્તારમા પવન સાથે ધોધમાર વરસાદ ગઈકાલે સાંજથી તૂટી પડ્યો હતો. બાબરીધાર બર્બટાણા વિસ્તારમાં ધોધમાર વરસાદ આવતા ઘીયળ નદીમાં પૂર આવ્યું હતું. જેમાં ધસમસતા પ્રવાહ વચ્ચે પાણી આવતા ટ્રક તણાયો હતો. આ બાદ જી.આર.ડી જવાનો દ્વારા ૫ માણસોને નદીમાંથી રેસ્ક્યુ કરી બચાવાયા હતા. રાજ્ય પર હજુ પણ માવઠાનું સંકટ તોળાઈ રહ્યું છે. ૨ મેથી ફરી નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી ગાજવીજ સાથે વરસાદ પડશે. સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ પડવાની આગાહી છે. ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં પણ વરસાદ પડશે. ખેડૂતો માટે હવામાન વિભાગે એડવાઈઝરી જાહેર કરી કરે છે. જેમાં કહ્યું છે કે, પવન સાથે વરસાદથી પાકને નુકસાન થઈ શકે છે. ખેડૂતોને સાવચેતી માટે વિશેષ પગલા લેવા સૂચના છે.

હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે વલસાડ જિલ્લાના અનેક વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે છૂટોછવાયો વરસાદ વરસ્યો છે. વલસાડના ઉમરગામ તાલુકામાં આજે સવારથી જ વરસાદ શરૂ થયો હતો. જેથી કેરીના પાકને વ્યાપક નુકસાનની ભીતિ જોવા મળી રહી છે. જેને લઈ ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો છે. ગઈકાલે પણ રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો.અમરેલી જિલ્લામાં સતત છઠ્ઠા દિવસે વરસાદ વરસ્યો હતો. જાફરાબાદ, ધારી, રાજુલાના ગ્રામ્યવિસ્તારમાં ફરી કમોસમી વરસાદ પડ્યો હતો. જેને લઈ રસ્તા પર પાણી ફળી વળ્યાં હતા. તેમજ ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો.

અરવલ્લી જિલ્લામાં સતત બીજા દિવસે કમોસમી વરસાદ ખાબક્યો છે. જિલ્લાના મેઘરજ અને માલપુર પંથકમાં વરસાદી ઝાપટાં આવ્યાં બાદ સમી સાંજે બાયડ તાલુકાના પશ્ચિમ વિસ્તારમાં ધોધમાર પવન સાથે વરસાદ ખાબક્યો છે. બાયડના તેનપુર, જીતપુર, ભૂંડાસણ, આંબલિયારા ગામ અને આસપાસના વિસ્તારોમાં વરસાદ ખાબક્યો છે. તેમજ મેઘરજ અને મોડાસાના ગ્રામ્ય વિસ્તારોમાંમાં પણ ધોધમાર વરસાદ ખાબક્યો છે. કચ્છમાં સતત પાંચમા દિવસે વરસાદ નોંધાયો હતો. ગઈકાલે અમરેલી, રાજુલા, બાબરિયાધાર સહિતના વિસ્તારોમાં ૩ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. જેને લઈને બાબરિયાધારની ઘીયળ નદીમાં ઘોડાપૂર આવ્યું છે, જેમાં એક ટ્રક તણાઇ આવતા જી.આર.ડી જવાનોએ રેસ્ક્યૂ કરીને પાંચ લોકોનો જીવ બચાવ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં આગામી ત્રણ દિવસ સુધી વરસાદી માહોલ રહેશે.૨જી મેએ ગુજરાતમાં ગાજવીજ અને વાવોઝોડા સાથે છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જેમાં ઉત્તર ગુજરાતના અરવલ્લી, બનાસકાંઠા અને સાબરકાંઠા, દક્ષિણ ગુજરાતના ડાંગ અને તાપી તથા સૌરાષ્ટ્ર-કચ્છના અમરેલી, ભાવનગર, ગીર-સોમનાથ અને કચ્છમાં વરસાદની શક્યતા છે. આ દરમિયાન પવનની ગતિ ૪૦ કિમી પ્રતિ કલાક રહેશે.૩જી મેએ ગુજરાતમાં ગાજવીજ અને વાવોઝોડા સાથે છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જેમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, ગાંધીનગર વરસાદ પડશે.

## રાજકોટ-ભાવનગર હાઈવે પર બંધ ટ્રક પાછળ ઈકો ઘુસી જતા ગમખ્વાર અકસ્માત, બાળકનું મોત,૩ ઘાયલ

(એ.આર.એલ),રાજકોટ,તા.૧

રાજકોટ ભાવનગર હાઈવે પર હલેન્ડા ગામ પાસે બંધ ટ્રક પાછળ ઈકો કાર ઘૂસી જતા ચલાલા પંથકના પરિવારને ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. જેમાં ગંભીર રીતે ઘવાયેલા માસુમ બાળકનું મોત નિપજ્યું હતું જ્યારે અન્ય ત્રણ પરિવારજનો સહિત અમરેલી અખબાર લઈને જતા કાર ચાલકને ઈજા થતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. માતા-પિતાની નજર સામે જ માસુમ બાળક કાળનો કોળિયો બનતા પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

પ્રાપ્ત વિગત મુજબ ગત મોડી રાત્રીના ૩ વાગ્યા આસપાસ રાજકોટ ભાવનગર હાઈવે પર હલેન્ડા ગામ પાસે બંધ ટ્રેક પાછળ GJ-03-BWS-૨૪૦૧ નંબરની ઈકો કાર ઘુસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ઈકો કારના ચાલક સંજયભાઈ વજુભાઈ તેરૈયા (ઉ.વ.૪૩) ઘવાયા હતા. જ્યારે તેમની કારમાં બેઠેલા ચલાલા પંથકના મીઠાપુર ગામના પ્રવીણભાઈ બચુભાઈ ચૌહાણ (ઉ.વ.૪૦), તેમના પત્ની રંજનબેન પ્રવીણભાઈ ચૌહાણ (ઉ.વ.૩૮), તેમના પુત્ર યશ ચૌહાણ (ઉ.વ.૧૫) અને હર્ષિલ ચૌહાણ (ઉ.વ.૧૧) ઘવાયા હતા.

આ ગમખ્વાર અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલાં માસુમ બાળક હર્ષિલ ચૌહાણનું માતા-પિતાની હાજરીમાં મોત નીપજતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગે જાણ થતાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને પોલીસે બાળકના મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી અન્ય પરિવારજનોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યા મુજબ પ્રવીણભાઈ ચૌહાણ પોતાના પરિવાર સાથે રાજકોટ આજીડેમ ચોકડી પાસે કાજલબેન પ્રવીણભાઈ જેઠવાના લગ્ન પ્રસંગમાં આવ્યા હતા. લગ્ન પ્રસંગ પૂરો કરી પરત ચલાલા ડુંગર મીઠાપુર ગામે જઈ રહ્યા હતા. જે સમયે સંજયભાઈ પોતાની ઈકોમાં અખબાર લઈ અમરેલી તરફ જતા હતા જેથી મીઠાપુરનો પરિવાર તેમાં બેસી ગયો હતો.

ઈકોમા નીકળેલા પ્રવીણભાઈ ચૌહાણ સહિતનો પરિવાર કારમાં બેઠો હતો હતો ત્યારે રાજકોટના હલેન્ડા ગામ નજીક બંધ ટ્રક પાછળ કાર ઘૂસી ગઇ હતી અને હર્ષિલ ચૌહાણ નામના બાળકનું મોત નિપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યા મુજબ મૃતક માસુમ બાળક હર્ષિલ ચૌહાણ ધોરણ ૬માં અભ્યાસ કરતો હતો અને ઈજાગ્રસ્ત યશ ચૌહાણે ધોરણ ૧૦ની પરીક્ષા આપી હતી.

ગુજરાત હાઈકોર્ટનો ઐતિહાસિક ચુકાદો

## મનોદિવ્યાંગ દુષ્કર્મ પીડિતાને ૨૬ અઠવાડિયાના ગર્ભને ગર્ભપાતની મંજૂરી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧

સુરતની દુષ્કર્મ પીડિતાને હાઈકોર્ટે રાહત આપી છે. સુરતની મનોદિવ્યાંગ દુષ્કર્મ પીડિતાએ ગર્ભપાતની મંજૂરી માટે કોર્ટમાં કરેલી અરજીને કોર્ટે મંજૂર કરી છે. પીડિતાની ઉંમર ૨૩ વર્ષ છે અને હાલ તેને ૨૬ અઠવાડિયાનો ગર્ભ હોવાની રજૂઆત કરાઈ હતી. પીડિતા માનસિક અસ્થિર અને પિતાની માનસિક સ્થિતિ સારી ન હોવાનો અરજીમાં ઉલ્લેખ કરાયો હતો. અરજીમાં એ વાત પણ કરાઈ હતી કે પીડિતા કે તેનો પરિવાર બાળકની જવાબદારી લઈ શકે તેમ નથી, માટે ગર્ભપાતની મજૂરી આપવા આવે. આ મામલે મેડિકલ તપાસના રિપોર્ટ બાદ હાઈકોર્ટ તરફથી ગર્ભપાતની મંજૂરી અપાઈ છે. પીડિતા પર તેના પિતાના મિત્ર દ્વારા દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાનો આરોપ છે. મિત્રની દીકરીને પીંખનાર આરોપી હાલ જેલ હવાલે છે. ૨૬ અઠવાડિયાના ગર્ભના ગર્ભપાતને મંજૂરી આપવાનો ગુજરાત હાઈકોર્ટનો આ પ્રથમ નિર્ણય છે.

સુરતની ૨૩ વર્ષીય મનોદિવ્યાંગ યુવતી પર તેના જ પિતાના મિત્રએ દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ યુવતીને પેટમાં દુખાવો ઊપડતા યુવતીની માતા તેને હોસ્પિટલ લઈ ગઈ હતી. જ્યાં ડોક્ટરે તપાસ કર્યા બાદ યુવતીને ૬ મહિનાનો ગર્ભ હોવાનું જાણવા મળ્યું હતું. હવે આ મામલો ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો છે. યુવતીનો ગર્ભપાત કરાવવા હાઈકોર્ટમાં પિટિશન દાખલ થઈ છે. હવે હાઈકોર્ટના ઓર્ડર પર જ બે જિંદગીનું ભવિષ્ય છે. વકીલના જણાવ્યા પ્રમાણે યુવતીના પિતા પણ માનસિક અસ્વસ્થ અને યુવતી પ્રેગ્નન્સીનું વહન કરવાની સ્થિતિમાં નથી, એક્ઝામિનેશન કર્યા બાદ ડોક્ટરે કહ્યું હતું કે, યુવતી સ્ટેબલ માઈન્ડમાં નથી. આમ જે વ્યક્તિ પોતાનું ધ્યાન રાખી શકતી નથી તે બાળકનું ધ્યાન કેવી રીતે રાખશે? હાઈકોર્ટે આ મુદ્દે નોટિસ આપીને સુરત સિવિલ હોસ્પિટલને યુવતીનું મેડિકલ એક્ઝામિનેશન કરવા કહ્યું છે. હોસ્પિટલના સાયક્યાટ્રિક ડિપાર્ટમેન્ટ દ્વારા તેની દેખરેખ રાખવામાં આવી રહી છે. હાઈકોર્ટ દ્વારા ૧ મેના રોજ રિટર્નેબલ તારીખ નક્કી કરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, મેડિકલ ટર્મિનેશન પ્રેગ્નન્સી એક્ટ અંતર્ગત ૨૦ સપ્તાહ સુધીના ગર્ભપાતની જ મંજૂરી છે. આ સ્પેશિયલ કેસમા હાઈકોર્ટની મંજૂરી માગવામાં આવી છે. હાઈકોર્ટ મેડિકલ રિપોર્ટ બાદ નિર્ણય લેશે. સુરતના પાલ આભૂષણ રેસિડેન્સીમાં રહેતા નવીન દામજીભાઈ ડાવરાએ મિત્રની જ મનોદિવ્યાંગ દીકરી પર દાનત બગાડી હતી. મિત્રતામાં અવારનવાર ઘરે આવતા નવીને એકલતાનો લાભ લઈ મિત્રની ૨૩ વર્ષની દીકરી પર દુષ્કર્મ ગુજાર્યું હતું. તેમજ પીડિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જો કે, આ ઘટના બાદ જમવાનું લેવાની લાલચ આપી પ્રાઈમ આર્કેડની પાછળ ગાર્ડનમાં લઈ જઈ ત્યાં પણ યુવતી પર દુષ્કર્મ ગુજાર્યું હતું. દુષ્કર્મ પર દુષ્કર્મ આચરતા યુવતીને ગર્ભવતી બનાવી દીધી હતી. છ મહિના બાદ યુવતી ગર્ભવતી હોવાનું સામે આવતા આખો મામલો સામે આવ્યો હતો.

આ ઘટનાને પગલે યુવતીના પિતાએ રાંદેર પોલીસ મથકમાં ૧૯ એપ્રિલ ૨૦૨૩ના રોજ ફરિયાદ નોંધાવતા પોલીસે દુષ્કર્મનો ગુનો નોંધી આરોપી નવીનની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નવીન અવારનવાર મિત્રના ઘરે આવતો હતો. એકાદ વર્ષ અગાઉ નવીન જ્યારે ઘરે આવ્યો ત્યારે કોઈ હાજર નહોતું અને મિત્રની ૨૩ વર્ષની દીકરી ઘરમાં એકલી સૂતી હતી. આ તકનો લાભ ઉઠાવી ઘરમાં સૂતેલી દીકરી સાથે બળજબરી કરી તેના પર દુષ્કર્મ ગુજાર્યું હતું. આ વાતની જાણ કોઈને કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આથી યુવતીએ આ વાતની જાણ કોઈને કરી ન હતી.ત્યારબાદ છ-સાત મહિના અગાઉ પણ ફરીથી યુવતીને મિત્રના ઘરે આવી 'જમવાનું લેવા જવું છે અને દીકરીને સાથે લઈ જઉં છું' તેમ કહીને અડાજણમાં પ્રાઈમ માર્કેટની પાછળ આવેલા એક ગાર્ડનમાં લઈ ગયો હતો. ત્યાં પણ યુવતીને ધમકાવી તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ નવીન ફરાર થઈ ગયો હતો. પરંતુ છ મહિના પહેલાંની ઘટના બાદ યુવતીને અચાનક પેટમાં દુખાવો થતાં તેને તેના પિતા સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં દીકરી ગર્ભવતી હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ યુવતીએ સમગ્ર ઘટના અંગે પરિવારજનોને જણાવ્યું હતું. પરિવારજનોએ આ ઘટના અંગે રાંદેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી. ત્યારે પોલીસે સ્મીમેર હોસ્પિટલ પહોંચી યુવતીનું નિવેદન લીધું હતું.

## આજે ધો.૧૨ સાયન્સ અને ગુજકેટનું પરિણામ જાહેર થશે

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૧

શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૩માં લેવાયેલી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામે તબક્કાવાર પ્રસિદ્ધ કરવામાં આવશે. તેમાં ધોરણ-૧૨ સાયન્સનું પરિણામ આવતીકાલે સવારે ૯.૦૦ વાગ્યે બોર્ડની વેબસાઈટ પર જાહેર કરાશે. તે ઉપરાંત ગુજકેટની પરીક્ષાનું પણ પરિણામ આવતીકાલે સવારે જાહેર થશે. વિદ્યાર્થીઓ http://gseb.org પર સવારે ૯ વાગે પરિણામ જોઈ શકશે. તે ઉપરાંત વ્હોટ્સએપ પર પણ પરિણામ જાણવા મળશે. વિદ્યાર્થીઓએ ૬૩૫૭૩૦૦૯૭૧ પર બેઠક નંબર મોકલીને વ્હોટ્સએપથી પણ પરિણામ જાણી શકશે. ધો. ૧૨ સાયન્સ બાદ સામાન્ય પ્રવાહનું પરિણામ મે માસના છેલ્લા વીક અને ધોરણ-૧૦નું જૂનના પ્રથમ વીકમાં પ્રસિદ્ધ કરાશે શિક્ષણ બોર્ડના માહિતગાર સૂત્રોએ જણાવ્યું છે. શિક્ષણ બોર્ડ દ્વારા ગત તારીખ ૧૪મીથી તારીખ ૨૮મી, માર્ચ સુધી લેવાયેલી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાની ઉત્તરવહી મૂલ્યાંકન સહિતની કામગીરી પૂર્ણ થઈ જવામાં આવી છે. ઉપરાંત હાલમાં પરિણામની તૈયારીઓ કરવામાં આવી રહી છે. તેમાં માર્કશીટ બનાવવાની સાથે સાથે વિદ્યાર્થીઓના વિષયવાર ગુણ મુકવાની કામગીરી કરવામાં આવી રહી છે. જોકે ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા રાજયભરમાંથી ૧૧૦૩૮૨, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ૫૬૫૫૨૮ અને ધોરણ-૧૦ની ૯૫૬૭૫૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જોકે પરીક્ષામાં વિદ્યાર્થીઓની ગેરહાજરી રહેવા પામી હતી. શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા પૂર્ણ થતાં જ મધ્યસ્થ મૂલ્યાંકનની કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના વિષયવાર ગુણ એનાલીસીસ તેમજ માર્કશીટ તૈયાર કરવાની કામગીરી કરાઇ રહી છે.

## કેનેડા મોકલવાનું કહી યુવક પાસેથી કબુતરબાજોએ ૪૫ લાખ પડાવ્યા

(એ.આર.એલ),મહેસાણા,તા.૧

વિદેશ જવા ઈચ્છા રાખતા લોકો ચેતવણી રુપ કિસ્સો સામે આવ્યો છે. મહેસાણામાં વધુ એક વાર કબૂતરબાજીમાં ફસાયેલા યુવકે ૪૫ લાખ ગુમાવ્યા છે. કેનેડા મોકલવાનું કહી યુવક પાસેથી કબૂતરબાજોએ ૪૫ લાખ પડાવ્યા છે. કેનેડાના વિઝા આપવાનું કહી વિઝા કે પૈસા પરત ન આપતા પીડિતે આરોપી બ્રહ્મભટ્ટ અજય અને ઠક્કર મેહુલ નામના શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. મહેસાણાના ચૌધરી આશિષ સંગ્રામ ભાઈએ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદ નોંધી તપાસ વધુ હાથ ધરી છે. આ અગાઉ મહેસાણાના લીંચ ગામે રતન ગઢપરામાં રહેતા ૫૦ વર્ષીય પટેલ દિનેશકુમાર કાશીરામ કે જેમના પુત્ર સુનીલને અમેરિકા જવાની ઈચ્છા પૂરી કરવા ગમે તેમ કરીને રૂપિયા ૫૦ લાખ ભેગા કર્યા હતા. અને અમદાવાદના બે શખ્શો એ તેમને વિશ્વાસ અપાવતા બંનેને રૂપિયા ૫૦ લાખ આપી પણ દીધા હતા. અમદાવાદના સોલા રોડ પર આવેલા ગૌરવ બંગલોઝમાં રહેતા પટેલ જીનલ રાજેન્દ્રભાઈ અને વસ્ત્રાલના શિવસુખ નગરમાં રહેતા કલ્પેશ વ્યાસે ફરિયાદી પટેલ દિનેશભાઈને વિશ્વાસ આપ્યો હતો કે તેઓ ગમે તેમ કરીને તેમના પુત્ર સુનીલને અમેરિકામાં ઘુસાડી દેશે. પણ દિનેશ પટેલના પુત્ર ને અમેરિકા જવાનું સપનું કદાચ સપનું જ રહી જશે એ એમને નહોતી ખબર. અમેરિકા જવા સુનિલને અહીંથી રવાના પણ કરવાંમાં આવ્યો. પણ ત્રણ થી ચાર મહિના દુબઈમાં ગોંધી રાખી તેને માર મરાયો હતો. સુનિલએ તેના પિતાનો સંપર્ક કરતા ગમે તેમ કરીને સુનિલને પરત ઘરે બોલાવી દેવાયો હતો.

દો ગુજરાતી ઠગ હૈ બદનક્ષી કેસ

## રાહુલ ગાંધી પછી બદનક્ષી કેસમાં તેજસ્વી યાદવની મુશ્કેલી વધી, મેટ્રો કોર્ટમાં ૮ મેના સુનાવણી હાથ ધરાશે

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧

'દો ગુજરાતી ઠગ હૈ' કહીને સમગ્ર ગુજરાતીઓનું અપમાન કરનારા બિહારના ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવ સામે સામાજિક કાર્યકરે બદનક્ષીની ફરિયાદ મેટ્રો કોર્ટમાં કરી છે. જેમાં કોર્ટે ફરિયાદ દાખલ કરીને ફરિયાદીની ખરાઈ કરવા માટે આજે સુનાવણી હાથ ધરી હતી. ત્યારે કોર્ટ દ્વારા મેટ્રો કોર્ટમાં ફરિયાદીનું નિવેદન લેવામાં આવ્યું હતું. આ ઉપરાંત ફરિયાદીએ કોર્ટમાં સીડી અને પેન ડ્રાઈવના પુરાવા જરૂરી સર્ટિફિકેટ સાથે આપ્યા હતા. તો આ મામલે હવે ૮ મેના રોજ વધુ સુનાવણી હાથ ધરાશે. રાહુલ ગાંધી પછી તેજસ્વી યાદવની મુશ્કેલીમાં વધારો થયો છે. આજે હરેશભાઈનું વેરિફિકેશન લેવામાં આવ્યું હતું. ત્યારબાદ દલીલો કરવામાં આવી હતી. જેમાં ૮ મેના રોજ કેસ ઓર્ડર પર રાખેલો છે. ઓર્ડરની અંદર ગમે તેવી માગણીઓ કરી છે જેમાં એડમીશનના આધારે, ગમે તેવા પૂરાવાઓને આધારે કોર્ટ પાસે બે જ વિકલ્પ છે. એક ૨૦૨ની ઈક્વાયરી અથવા ૨૦૪ હેઠળ પ્રોસેસ. હોઈકોર્ટને સુપ્રીમ કોર્ટના નિર્દેશ ટાંકીને એવું કહેવામાં આવ્યું છે કે, આવી અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હોય ત્યારે હાઈકોર્ટે તેને હળવાશથી લેવું ન જોઈએ. બંધારણની જોગવાઈ મુજબ કોઈ પણ વ્યક્તિ સમાન હક ધરાવે છે. તેજસ્વી યાદવ પહેલાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને સુરત કોર્ટે બદનીક્ષીના કેસમાં ૨ વર્ષની સજા ફટકારી છે, જેની સામે રાહુલ ગાંધીએ ગુજરાત હાઈકોર્ટમાં હુકમ રદ કરવા માટે પિટિશન કરી છે. સામાજિક કાર્યકર અને ઓલ ઈન્ડિયા એન્ટી-કરપ્શન એન્ડ ક્રાઈમ પ્રિવેન્ટિવ કાઉન્સિલમાં ઉપપ્રમુખ તરીકે માનદ્ સેવા આપતા હરેશ મહેતાએ બિહારના ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૯ અને ૫૦૦ (બદનક્ષી)ની ફરિયાદ કરી છે. ફરિયાદની સાથે ન્યૂઝ ચેનલના ફૂટેજ પણ મૂક્યા છે. ફરિયાદમાં એવી રજૂઆત કરાઇ છે કે બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ એક જવાબદાર વ્યક્તિ છે. તેમણે થોડા સમય પહેલાં મીડિયા સમક્ષ નિવેદન કર્યું હતું કે 'જોભી દો ઠગ હૈના, જો ઠગ હૈ ઠગુ કો અનુમતી જો હૈ, આજ દેશ કી હાલાત મેં દેખા જાયે તો સીર્ફ ગુજરાતી હી ઠગ હો સકતે હૈ, હો સકે ઠગ કો માફ કિયા જાયેગા, એલ.આઇ.સી કા રૂપિયા, બેંક કા રૂપિયા દે દો ફીર વો લોગ લેકે ભાગ જાયેંગે, તો કૌન જિમ્મેવાર હોગા'

ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે તેજસ્વી યાદવનો સભાન અવસ્થામાં ગુજરાતીઓને બદનામ કરવાનો પ્રયાસ છે. તેમણે ૨૨ માર્ચ ૨૦૨૩ના રોજ આ નિવેદન આપ્યું હતું. અરજદારે ભારતીય દંડસંહિતાની કલમ ૪૯૯ અને ૫૦૦ હેઠળ ફરિયાદ નોંધાવી છે. અરજદારે જણાવ્યું છે કે નાયબ મુખ્યમંત્રી અને જવાબદાર વ્યક્તિ આ પ્રકારનું નિવેદન આપે એ યોગ્ય નહીં. એ અંતર્ગત બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ સામે કડક કાર્યવાહીની માગ કરાઈ છે. એ યાદ રહે કે મોદી સરનેમ બદનક્ષી કેસમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને બે વર્ષની સજા થયા બાદ દેશમાં અપરાધિક માનહાનિના કેસોનું પૂર આવ્યું છે. ગુજરાતની સુરત કોર્ટના નિર્ણય બાદ પોતાની સીટ ગુમાવનાર રાહુલ ગાંધીને હજુ સુધી કોઈ રાહત મળી નથી. રાહુલ ગાંધી હવે સજા પર સ્ટે માટે ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યા છે, રાહુલ ગાંધીએ હાઈકોર્ટમાં અપીલ કરી છે કે હાલમાં આ સજા પર સ્ટે આપવામાં આવે નહીં તો તેઓ નિર્દોષ છૂટશે તો પણ તેમની રાજકીય કારકીર્દી પૂરી થઈ જશે. જ્યારે અન્ય વધુ બે માનહાનિના કેસ દાખલ કરવામાં આવ્યા છે. આમાં પહેલો કેસ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનો છે અને તેમના પક્ષના સાથી રાજ્યસભા સાંસદ સંજય સિંહ વિરુદ્ધ છે. બીજો કેસ બિહારના નાયબ મુખ્યપ્રધાન તેજસ્વી યાદવ વિરુદ્ધ નોંધવામાં આવ્યો છે. મોટો પ્રશ્ન એ છે કે શું અન્ય બે માનહાનિના કેસ પણ રાહુલ ગાંધી કેસની જેમ સમસ્યા બનશે? જ્યારે ગુજરાત યુનિવર્સિટીએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહ સામે ફોજદારી માનહાનિનો કેસ દાખલ કર્યો છે, ત્યારે એક વેપારી હરેશ મહેતાએ તેજસ્વી યાદવ સામે માનહાનિનો કેસ દાખલ કર્યો છે. પીએમ મોદીના ડિગ્રી કેસમાં હાઈકોર્ટના નિર્ણય બાદ પ્રેસ કોન્ફરન્સ કરીને ગુજરાત યુનિવર્સિટી સામે ખોટા તથ્યો રાખવા બદલ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને રાજ્યસભાના સાંસદ સંજય સિંહ સામે માનહાનિનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ કેસમાં તથ્યો અને સાક્ષીઓના નિવેદનોની ચકાસણી બાદ બંને નેતાઓ સામે સમન્સ જારી કરવામાં આવ્યા છે. જેમાં બંને નેતાઓને ૨૩ મેના રોજ કોર્ટમાં હાજર થવા માટે કહેવામાં આવ્યું છે. યુનિવર્સિટીનો આરોપ છે કે બંને નેતાઓની પ્રેસ કોન્ફરન્સથી યુનિવર્સિટીની છબી ખરાબ થઈ છે અને લોકોમાં એવી છાપ ઊભી થઈ છે કે ગુજરાત યુનિવર્સિટી ખોટી માર્કશીટ બહાર પાડે છે.ગુજરાતમાં બેક ટુ બેક માનહાનિના કેસોના પ્રશ્ન પર દરેક પોતાનો અંગત અભિપ્રાયો આપે છે. આ બાબતે કેટલાક નિષ્ણાતો કહે છે કે, આ ત્રણેય કેસ વિપક્ષી પાર્ટીઓના નેતાઓ સામે નોંધવામાં આવ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# સમલૈંગિક લગ્નને માન્યતાથી પરિવારની સંસ્થા નબળી બનશે

ભારતમાં છેલ્લા કેટલાક દિવસોથી સમલૈંગિક લગ્નનો અંગે સુપ્રીમ કોર્ટમાં ચાલતો મામલો જનસમુદાયમાં વિરોધ સાથે ચર્ચાનું કારણ બન્યો છે. કેટલાક દેશોમાં ભલે સમલૈંગિકતાને કાનૂની માન્યતા મળી છે પરંતુ દુનિયાભરની સંસ્કૃતિઓ અને ધર્મ તેને સહજ ભાવથી સ્વીકારી શકતા નથી. તેનું કારણ સદીઓથી ચાલી આવતી વિચારધારા છે. સ્થિતિ એ છે કે જે દેશોમાં સમલૈંગિવકતાને વૈધાનિક દરજ્જો હાંસલ થઇ ગયો છે ત્યાં પણ તેને વ્યાપક સામુદાયિક અને સામાજીક સ્વીકાર્યતા મળી રહી નથી.

સંસ્કૃતિ અને ધર્મને લઇને ભારતમાં વિશેષ પ્રકારનો પવિત્ર ભાવ જોવા મળે છે. દિલ્હી અને મુંબઇ જેવા મોટા શહેરોમાં ભલે એલજીબીટીક્યૂ (સમલૈંગિક) સમુદાયના સમર્થનમાં પ્રદર્શન થઇ રહ્યા છે પરંતુ નાના શહેરો, ગામોમાં આ સમર્થન અંગેની નાની વાત સુદ્ધાં પહોંચી શકી નથી. તેનું કારણ એ છે કે સમલૈંગિક લગ્નને વૈધાનિક દરજ્જો આપવાની માંગ કરતી અરજી પર કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરાયેલ તર્કબદ્ધ દલીલોને વ્યાપક જનસમર્થન મળી રહ્યું છે.

ભારત સરકાર દ્વારા બે પ્રકારે આ માંગને ખારિજ કરવાની કોશિશ કરી છે. એક તરફ આ મામલે સુનાવણી અંગે સુપ્રીમ કોર્ટના અધિકાર પર સવાલ કર્યા છે તો બીજી તરફ સમલૈંગિકતાના વિચારને શહેરી સંભ્રાત વિચારધારા ગણાવ્યો છે. ભારતમાં શહેરી આચારવિચાર સામે ગ્રામીણ બૌદ્ધિકતામાં હંમેશા સંદેહનો ભાવ રહ્યો છે. આ કારણોસર શહેરી બાબતોની સ્વીકાર્યતા આજે પણ મોટાભાગના લોકોમાં નથી. કદાચ આ જ કારણે કેન્દ્ર સરકારે રજૂ કરેલ દલીલોને ન તો ફકત વ્યાપક સમર્થન સાંપડતું જોઇ શકાય છે પરંતુ વકીલોની પ્રતિનિધિ સભા બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા પણ સરકારના સમર્થનમાં આવી ગઇ છે.

બાર કાઉન્સિલે પ્રસ્તાવ પારિત કરતા કહયું હતું કે, દેશની સામાજીક, સાંસ્કૃતિક અને ધાર્મિક વિવિધતાને જોતા આ મુદ્દાને સંસદ પર છોડવો જોઇએ. કાઉન્સિલના પ્રસ્તાવમાં કહેવાયું છે કે, કોઇપણ એવો મામલો, જેનાથી મૌલિક સામાજીક સંરચનાથી છેડછાડની આશંકા હોય અથવા જે દેશના સામાજીક, સાંસ્કૃતિક અને ધાર્મિક વિશ્વાસ પર દૂરોગામી પ્રભાવ ઉભો કરી શકતા હોય તો તેના પર અનિવાર્યરુપે ફકત સંસદીય પ્રક્રિયા દ્વારા જ વિચાર કરવો જોઇએ.

વર્ષ ૨૦૧૬માં જયારે સુપ્રીમ કોર્ટે સમલૈંગિકતાને અપરાધ શ્રેણીમાંથી બહાર કાઢયું ત્યારે ધાર્મિક અને સાંસ્કૃતિક સંસ્થાઓએ આ નિર્ણયનો વિરોધ કર્યો ન હતો. અલબત્ત સમલૈંગિક સંબંધોને અંગત મામલો માનવામાં આવ્યો હતો. પરંતુ હવે જયારે લગ્ન અંગેની મંજૂરીનો સવાલ આવ્યો ત્યારે વિરોધ ઉભરીને બહાર આવ્યો છે. ભાજપના મામલે માનવામા આવે છે કે, તે ભારતીય પરંપરાઓમાં વિશ્વાસ કરે છે. જેથી પોતાના સમર્થક આધાર અને આ મામલે કથિત આધુનિક વલણ અપનાવવાના બદલે પારંપારિક અવધારણાઓ અનુરુપ નિર્ણય લેવાનું દબાણ પણ અનુભવી રહ્યો છે. સુપ્રીમ કોર્ટની સંવિધાન પીઠ સમક્ષ રજૂ કરાયેલ સરકારની દલીલો સાથેનું નામાંકન સંભવતઃ આ દબાણનું કારણ છે.

સમલૈંગિકતાને વૈધાનિક દરજ્જો આપવાની માંગ સાથે વિરોધીઓનો તર્ક છે કે જે પ્રકારે પશ્ચિમી દેશોમાં અગાઉ સમલૈંગિકતાને માન્યતા અપાઇ હતી, ફરી ચાઇલ્ડ સેકસની વય ઘટાડવામાં આવી હતી તે મુજબ ભારતમાં પણ થઇ શકે છે. આ ભારતના સામાજીક જનજીવન પર વ્યાપક પ્રભાવરુપ સાબિત થઇ શકે છે. વિરોધીઓનો એ પણ તર્ક છે કે, ભારતે સેકસના મોટા બજારમાં બદલવાની કોશિશનું આગલું પગલું સમલૈંગિક લગ્નનો માન્યતા અપાવવાનું છે. તેઓનું કહેવું છે કે, જો આ શકય બનશે તો પરિવાર વિઘટન વધશે. પરંતુ સમલૈંગિકતાના સમર્થકો અને તેમનો સાથ આપનાર આધુનિક બૌદ્ધિકતા આ વાતોને સાવ ખારિજ કરવાનું જ મન મનાવી રહી છે.

# કોંગ્રેસ દ્વારા ગુજરાતના સ્થાપનાદિનથી સમગ્ર ગુજરાતમાં તાલુકે-તાલુકે "જનમંચ" કાર્યક્રમની શરૂઆત



સામાન્ય ગુજરાતી માટે "જનમંચ" કાર્યક્રમ ૧લી મે ગુજરાતના સ્થાપના દિનથી સમગ્ર ગુજરાતમાં તાલુકે - તાલુકે કોંગ્રેસ દ્વારા શરૂઆત કરવામાં આવનાર જનમંચ કાર્યક્રમની શરૂઆત બનાસકાંઠા જિલ્લાના પાલનપુર અને વડગામથી કરવામાં આવી. શહેર અને તાલુકાના યુવાનો, મહિલાઓ, વેપારીઓ, ખેડુતો, પીડીતો, વંચિતો, શોષીતોએ પોતાની વાત અને સમસ્યાઓ અને પ્રશ્નો સહિત ફરિયાદની રજુઆત કરી. જનતાની અવાજને બુલંદ કરવા, મંચ આપવાનું "જનમંચ" થકી કોંગ્રેસ દ્વારા એક મજબૂત પ્લેટફોર્મ બનવાની શરૂઆત કરવામાં આવી છે. જનમંચ કાર્યક્રમ દ્વારા આવેલી સમસ્યાઓનું સમાધાન કરવા માટે કોઈપણ પ્રકારની લડાઈ લડવા માટે કોંગ્રેસ કટીબધ્ધ છે. એક વર્ષમાં ગુજરાતના દરેક તાલુકાને જનમંચ દ્વારા આવરી લેવામાં આવશે અને આવેલી ફરિયાદોના નિવારણ માટે લોકઆંદોલન થકી એક મજબૂત અભિગમ દ્વારા જનસભાથી લઈને વિધાનસભા સુધી મક્કમતાથી લડાઈ લડવા કોંગ્રેસ પક્ષ કટિબદ્ધ છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ આદરણીય શ્રી જગદીશ ઠાકોરે જનમંચ ને સંબોધતા જણાવ્યુ હતુ કે આજ રોજ ૧લી મે થી શરૂઆત કરીને સમગ્ર ગુજરાતમાં "જનમંચ" કાર્યક્રમ દ્વારા સતત એક વર્ષ સુધી કોંગ્રેસ તાલુકે તાલુકે જશે અને ગુજરાતના યુવાનો, મહિલાઓ, વેપારીઓ, ખેડુતો, પીડીતો, વંચિતો, શોષીતો, ગુજરાતની સામાન્ય જનતાએ "જનમંચ"માં ભાગ લઈ રજુ કરેલા પ્રશ્નો અને તેના સમાધાન માટે કોંગ્રેસ કટીબધ્ધ રહેશે. જનમંચમાં જનતાના પ્રશ્નો સાંભળ્યા બાદ વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, જંગી બહુમતિના ગુમાનમાં રાચતી ડબલ એન્જીન સરકાર ઉત્સવો-મહોત્સવો-રાજકીય એજન્ડામાં વ્યસ્ત અને ભ્રષ્ટાચારમાં મસ્ત સરકાર અને પ્રશાસન પાસે ગુજરાતની સામાન્ય જનતાના પ્રશ્નો-સમસ્યાઓ-ફરીયાદોને સાંભળવાનો સમય નથી ના તો ઈચ્છા છે. વગદાર લોકોની-વગદાર લોકો માટે કામ કરતી સરકારમાં સામાન્ય ગુજરાતીનું કોઈ સાંભળવાવાળું નથી. ત્યારે એક રચનાત્મક વિપક્ષ તરીકે વિધાનસભા કોંગ્રેસ પક્ષ અને પ્રદેશ કોંગ્રેસ સમિતિ આમ ગુજરાતીના પ્રશ્નો-સમસ્યાઓ-રજુઆતો-ફરીયાદો-સુચનો-અવાજને બુલંદ કરવા, મંચ આપવા આજથી ૧મી મે ગુજરાત સ્થાપના દિવસથી સામાન્ય ગુજરાતી માટે શરૂ કરી રહ્યા છે "જનમંચ". કોંગ્રેસ પક્ષ સામાન્ય ગુજરાતીને મંચ પુરો પાડશે. જ્યાં સામાન્ય ગુજરાતી જે ટેક્સ ભરે છે, મત આપે છે સામે સુવિધાઓ-વિકાસ-ન્યાય મેળવવો તેનો અધિકાર છે. યુવાનો-મહીલાઓ-ખેડૂતો-કામદારો-કર્મચારીઓ નાના વેપારીઓ-વૃધ્ધો-વિકલાંગો-મજદુરો-શોષિત-પિડિત સહિત એક એક ગુજરાતી "જનમંચ" ઉપર આવી પોતાની વાત-ફરીયાદ-સમસ્યાઓ-સુચનો રજુ કરી શકશે અને તેને બુલંદ અવાજે "જનસભાથી વિધાનસભા સુધી" પહોંચાડવાનું કામ કોંગ્રેસ પક્ષ કરશે. તેઓના હક્ક-અધિકાર-ન્યાય-સન્માનની લડાઈ જનસભાથી વિધાનસભા સુધી કોંગ્રેસ પક્ષ લડશે.

ગુજરાતમાં આજે યુવાનોને મોંઘુ શિક્ષણ લીધા પછી નોકરી નથી મળતી ! ફિક્સ પગાર - કોન્ટ્રાક્ટ આઉટ સોર્સીંગમાં યુવાનોનું શોષણ થઈ રહ્યું છે. મોટા ઉદ્યોગો સ્થાનિક ૮૫ ટકા રોજગારી આપવાનો નિયમ પાળતા નથી. સરકારી ભરતીમાં વારંવાર પેપર ફુટે છે ! ડમી કાંડ અને લાંચ આપીને નોકરીઓ મળી રહી છે. મનરેગામાં ૧૦૦ દિવસનો રોજગાર અને પુરતો પગાર નથી મળતો સહિતના પ્રશ્નોને "જનમંચ" કાર્યક્રમ દ્વારા ઉજાગર કરવા કોંગ્રેસ યુવાનોને આહ્વાન આપે છે. ગુજરાતમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતી પણ ખુબ જ ગંભિર છે ત્યારે દેશી-વિદેશી દારુ, જુગાર અને અનૈતિક પ્રવૃત્તિઓ ખુલ્લે આમ ચાલે છે, મહિલાઓની છેડતી અને અત્યાચારના બનાવો બન્યાં છે. માથાભારે લોકો દ્વારા જમીન-મીલકતો પચાવી પાડવામાં આવે છે, પ્રશાસન અને પોલીસ તંત્રને ફરીયાદ અને જાણ કરવા છતાં કાર્યવાહી થતી નથી, ગેરકાયદેસર દબાણો અને વકરેલી ટ્રાફિકની સમસ્યાથી જનતા ત્રસ્ત છે, વ્યાજ ખોરોના ત્રાસ અને કાયદો વ્યવસ્થાના દરેક પ્રશ્નોને વાચા આપીને "જનમંચ" કાર્યક્રમ દ્વારા ઉજાગર કરવા કોંગ્રેસ આહ્વાન આપે છે. ગુજરાતમાં આરોગ્ય સેવાઓ ધ્વસ્ત થઈ ગઈ છે, સી.એચ.સી.-પી.એચ.સી. પેટા કેન્દ્રોમાં ડોક્ટર, સ્ટાફ, સાધનો કે દવાઓની ઘટ છે, ડોક્ટર અને સ્ટાફ નિયમીત આવતા નથી. સરકારી કે ખાનગી હોસ્પિટલોમાં નિયમોથી વધારે ફી વસુલવામાં આવે છે. વિકલાંગતા અને અન્ય ફીટનેસ સર્ટીફીકેટ મેળવવામાં તકલીફ પડે છે. શાળામાં બાળકોના આરોગ્યની નિયમીત તપાસ કરવામાં આવતી નથી. કુપોષિત બાળકોને પુરતો પોષક આહાર-સારવાર આપવામાં નથી આવતી. આરોગ્ય સેવાઓ સસ્તી-સુલભ અને ફરજીયાત મેળવવા માટે કોઈ સુચનો કે નવા વિચાર રજુ કરવા સહિતના પ્રશ્નોને "જનમંચ" કાર્યક્રમ દ્વારા ઉજાગર કરવા કોંગ્રેસ જનતાને આહ્વાન આપે છે.

ગુજરાતમાં ખેડુતોને પણ મોટા પ્રમાણમાં સમસ્યાઓ થઈ રહી છે, જમીન રીસર્વે અને માપણીમાં મોટા પ્રમાણમાં ગોટાળા થયા છે, ખાતર અને બિયારણ દવાઓ મોંઘા છે અને ઉપલબ્ધ પણ નથી. ખેડુતને ઉત્પાદનના બજાર ભાવ-ટેકાના ભાવ મળતા નથી. રોઝડા, ભુંડ, વાંદરા અને અન્ય જાનવરોથી પાકને નુકસાની થઈ રહી છે, કમોસમી વરસાદ અને માવઠાઓથી પાક નુકસાન થાય છે અને તેનુ વળતર પણ નથી મળતુ, સિંચાઈ માટે કેનાલની સુવિધા નથી અને કેનાલો વારંવાર તુટતી જાય છે સહિતના દરેક ખેતી લક્ષી પ્રશ્નોને "જનમંચ" કાર્યક્રમ દ્વારા ઉજાગર કરવા કોંગ્રેસ ખેડુતોને આહ્વાન આપે છે. ગુજરાતમાં જનસેવા અને વિવિધ યોજનાઓનું અમલીકરણ સંપૂર્ણ રીતે થતુ નથી. મામલતદાર, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત, કલેક્ટર કચેરી, નગરપાલિકામાં પ્રજા રોજીંદા કામ લઈને જાય ત્યારે પૈસાની માંગણી થાય છે અને કર્મચારી, અધિકારી ઉધધ વર્તન કરે છે. રેશનકાર્ડ, વિધવા, વૃધ્ધ, વિકલાંગ પેન્શન આવક, જાતિના દાખલા જેવા રોજીંદા કામો માટે ખુબ જ ધક્કા ખાવા પડે છે. મહેસુલના કામોમાં પૈસાની માંગણી થાય છે. ૧૦૦ ચો.વારના પ્લોટ, પાકુ મકાન અને બી.પી.એલ. નંબર માટે ખુબ જ ધક્કા ખાવા પડે છે વગેરે સમસ્યાઓને ઉજાગર કરવા સહિતના પ્રશ્નોને "જનમંચ" કાર્યક્રમ દ્વારા કોંગ્રેસ સામાન્ય ગુજરાતીને આહ્વાન આપે છે.

ગુજરાતમાં જનતા પોતાની સુવિધાઓ માટે નિયમીત ટેક્સ ભરે છે, છતાં પણ પાકા રસ્તાઓ નથી, હયાત રસ્તા ખખડધજ છે, ખાડાઓનું અને ભુવાઓનું સામ્રાજ્ય છે. ગટર વ્યવસ્થા અને સ્વચ્છતાનો અભાવ છે. વિજબીલ વધારે આવે છે અને પુરતી વિજળી પણ મળતી નથી જેવા મુળભુત સુવિધા મેળવવાની સમસ્યાઓ સહિતના પ્રશ્નોને "જનમંચ" કાર્યક્રમ દ્વારા ઉજાગર કરવા કોંગ્રેસ પ્રજાને આહ્વાન આપે છે.

પાલનપુર અને વડગામ ખાતે 'જનમંચ' કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી જગદીશ ઠાકોર, ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા શ્રી અમિત ચાવડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય શ્રી જીગ્નેશ મેવાણી, ધારાસભ્ય શ્રી ગેનીબેન ઠાકોર, પૂર્વ સાંસદ અલકાબેન ક્ષત્રિય, પૂર્વ ધારાસભ્ય શ્રી મહેશ પટેલ, શ્રી નાથાભાઈ પટેલ, જોઈતારામ પટેલ,બનાસકાંઠા પ્રભારી શ્રી મુકેશ ચૌધરી, બનાસકાંઠા જિલ્લા પ્રમુખ શ્રી ભરતસિંહ વાઘેલા, પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ શ્રી દિનેશ ગઢવી, પ્રદેશ મહામંત્રી શ્રી ઝાકીર ચૌહાણ, બનાસકાંઠા કાર્યકારી પ્રમુખ શ્રી ડામરાજી રાજગોર, શ્રી નરસિંહભાઈ રબારી, જિલ્લા ઉપ પ્રમુખ શ્રી મુકેશ ચૌહાણ, બનાસકાંઠા મહિલા પ્રમુખ શ્રી આશાબેન રાવલ, પ્રદેશ મંત્રી શ્રી માંગીલાલ પટેલ, પાલનપુર શહેર પ્રમુખ શ્રી કનુભાઈ રાજવણી, પાલનપુર વિપક્ષ નેતા શ્રી અંકિતા ઠાકોર, સેવાદળ રાષ્ટ્રીય મહામંત્રી શ્રી પ્રકાશ ભારતીય, પાલનપુર તાલુકા પ્રમુખ શ્રી સેનજી ડેલવાડિયા, પાલનપુર તાલુકા કાર્યકારી પ્રમુખ શ્રી વિજય ચૌધરી, પાલનપુર શહેર કાર્યકારી પ્રમુખ શ્રી ચંપકભાઈ પરમાર, શ્રી વિશાલ દવે, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્યશ્રી લક્ષ્મીબેન કરેણ,પૂર્વ કારોબારી ચેરમેન શ્રી રવિરાજ ગઢવી, પૂર્વ પ્રદેશ મહામંત્રી લાખાભાઈ રબારી, મીડીયા પ્રદેશ કોકન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ૩૧ વરસ પહેલાં અવસાન પામેલા અઝીઝ નાઝા ૨૦૨૩ માં પાછા ક્યાંથી આવ્યા?



હવે તો હદ થાય છે. સોશિયલ મીડિયા પર કોઈ પણ મેસેજ કશું પણ સમજ્યા વગર કશું પણ જાણ્યા વગર મેસેજ ખરો છે કે બનાવટી છે કે જૂનો છે કઈ પણ તપાસ કર્યા વગર આપણે બધા આંખ બંધ કરીને મેસેજ ફોરવર્ડ કર્યા કરીએ છીએ. જે માણસ આજથી ૩૧ વરસ પહેલાં અવસાન પામ્યા હતા તેના મેસેજ ગઈકાલથી સતત ફોરવર્ડ કર્યા કરીએ છીએ. તમારા મારા લગભગ બધાના મોબાઈલમાં બેચાર દિવસથી આ મેસેજ વારંવાર આવ્યો જ હશે કે જાણીતા કવ્વાલી ગાયક અઝીઝ નાઝાનું મુંબઈની જે જે હોસ્પિટલમાં ગઈ કાલે નિધન થયું છે એમના ખિસ્સામાં એક રૂપિયો પણ નહોતો વિગેરે. અરે ભાઈ અઝીઝ નાઝા આજથી ૩૧ વરસ પહેલાં ૮ ઓક્ટોબર ૧૯૯૨ ના દિવસે અવસાન પામ્યા હતા તો પછી ૨૦૨૩ માં એપ્રિલમાં બીજા અઝીઝ નાઝા ક્યાંથી આવ્યા ? બસ એકલી ફેંકાફેક કરવી છે જરા પણ વિચાર કરવો નથી કઈ પણ ફટાફટ ફોરવર્ડ કર્યા કરવું છે મગજને જરા પણ તકલીફ આપવી નથી. કઈ પણ પૂરેપૂરું વાંચ્યા વગર સમજ્યા વગર આગળ જવા દેવું છે? આ આપણી સમજશક્તિ વિવેકની કસોટી છે એમાં આપણે સંપૂર્ણ નિષ્ફળ ગયા છે .હા એજ અઝીઝ નાઝા આઈ એસ ઝોહરની ફાઈવ રાઈફલ્સની જાણીતી કવ્વાલી ઝૂમ બરાબર ઝૂમ ને કંઠ આપ્યો હતો એ ઉપરાંત લેલા મજનુમા હોકે માયુસ તેરે દર સે સવાલી ના ગયા. અને ખુબ જ પ્રખ્યાત કવ્વાલી ચડતા સૂરજ ધીરે ધીરે ઢળ જાયેગા પણ અઝીઝ નાઝાની છે ડેસિંગ ફિરોજખાનની કુરબાનીમાં પણ અઝીઝ નાઝા એ તુજ પે કુરબા મેરી જાન કવ્વાલી ગાઈ છે.

**અબ્બાસભાઈ કૌકાવાલા**

# પોતાની માસૂમ બાળકીને મોતને ઘાટ ઉતારવાનું હિચકારું કૃત્ય કર્યું!

(એ.આર.એલ),સુરેન્દ્રનગર,તા.૧

સુરેન્દ્રનગર-સાયલા હાઈવે પરથી બાળકીનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળવા અંગે મહત્વનો ખુલાસો થયો છે. માતા-પિતાએ જ આવેશમાં આવી બાળકીને મારીને મૃતદેહ ફેંકી દીધો હોવાનું સામે આવ્યું હતું. બાઈક સ્લીપ થતા વહેમીલા પિતાએ બાળકીને અપશુકનિયાળ ગણી તેને મોતને ઘાટ ઉતારી હતી.

પોતાની જ માસૂમ બાળકીની હત્યા બાદ પોલીસની પૂછપરછમાં માતા પિતાએ ખુલાસો કર્યો હતો કે તેમણે પોતાના હાથે જ બાળકીને મારી નાખી છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે માતા પિતા પોતાની બાળકીને અપશુક નિયાળ સમજતા હતા.

સુરેન્દ્રનગર જિલ્લામાં હૈયુ કંપાવી દે તેવી ઘટના સામે આવી હતી. દોઢ વર્ષની બાળકીનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા પોલીસે તપાસ શરૂ કરી હતી. એક નાળા પાસે માસૂમ બાળકીનો મૃતદેહ જોવા મળતાં કોઈએ પોલીસને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે તપાસ કરતાં બાળકીના શરીર પર ઈજાના નિશાન જોવા મળ્યા છે. જોકે આ તપાસનો આ છેડો માતા પિતા સુધી પહોંચ્યો હતો.તેઓ બહાર જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં ચોટીલા જતા અગાઉ પિતાનું બાઈક સ્લીપ થઈ ગયું હતું અને ગુસ્સે થયેલા પિતાએ પોતાની જ બાળકીને અપશુકનિયાળ ગણી હતી અને ત્યારબાદ આવેશમાં આવીને પિતાએ બાળકીનું ગળું દબાવી હત્યાને અંજામ આપ્યો હતો અને હત્યા બાદ નાળા પાસે બાળકીનો મૃતદેહ ફેંકી દીધો હતો હાલ પોલીસે બંને હત્યારા માતા-પિતાની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. નોંધનીય છે કે ગત રોજ ભરૂચમાં પણ એક એવી ઘટના સામે આવી હતી. જેમાં નાની બાળકી ઉપર તાંત્રિક વિધી કરવામાં આવી હતી. તો સુરતમાં પણ એવી ઘટના સામે આવી હતી જેમાં માતાએ જ દિવ્યાંગ બાળકીની હત્યા કરી હતી. સુરત શહેરના વેડરોડ સ્થિત ફટાકડાવાડી વિસ્તારનો આ બનાવ છે. જ્યાં એક ઈજાગ્રસ્ત બાળકીને સુરતની સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવી હતી અને થોડી જ વારમાં તેનું મોત થયું હતું. પ્રાથમિક ધોરણે તો તે બાળકીને ખેંચ આવી હોય તેવી વાત માતાએ ડૉક્ટરને કરી હતી. જો કે, બાળકીના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં એવો ખુલાસો થયો કે ખુદ પોલીસ પણ ચોંકી ગઈ. પીએમ રિપોર્ટ મુજબ બાળકીની છાતીની પાંસળીઓ તૂટી ગઇ અને આંતરડામાં પણ ગંભીર ઈજાઓ થઇ હોવાનું સામે આવ્યું. તેથી પોલીસ અને ડૉક્ટરને સ્પષ્ટ થઇ ગયું કે, બાળકી બીમારીના કારણે નહીં પણ તેની હત્યા થઇ છે. જેથી પોલીસે બાળકીના પરિવારની પૂછપરછ શરૂ કરી. આ પૂછપરછ દરમિયાન બાળકીની માતાના જવાબો ગોળગોળ હતા. તેથી પોલીસને શંકા ગઇ કે બાળકીની હત્યા અન્ય કોઈ નહીં પણ તેની માતાએ જ કરી છે. જેથી પોલીસે માતાની કડક પૂછપરછ કરતા તેણે કબૂલાત કરી કે, તેણે જ તેની દીકરીની હત્યા કરી છે.

# ધોળે દિવસે ચોરી:પાદરાના સેજાકૂવા ગામમાં મહિલા ગ્રામજનના ઘરે જમવા ગઈને બંધ મકાનમાં ૪.૪૦ લાખના દાગીનાની તસ્કરી

(એ.આર.એલ),વડોદરા,તા.૧

પાદરા તાલુકામાં છેલ્લા પંદર દિવસથી ઉપરા-છાપરી બની રહેલા ચોરીના બનાવોએ હાહાકાર મચાવી મૂક્યો છે. પોલીસ તંત્રના રાત્રી પેટ્રોલીંગના ધજાગરા ઉડાવી રહેલા તસ્કરોએ સેજાકૂવા ગામમાં ધોળે દિવસે મકાનના તાળાં તોડી રૂપિયા રૂ.૪.૪૦ લાખની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. ચોરીના બનાવને પગલે ગામમાં ચકચાર જગાવી મૂકી હતી.

મળેલી માહિતી પ્રમાણે પાદરા તાલુકામાં આવેલા સેજાકૂવા ગામમાં નિરાલીબેન ઉર્વેશ પટેલ પરિવાર સાથે રહે છે. તેઓ બપોરના સમયે પોતાના મકાનને તાળું મારી ગામમાં રહેતા અન્ય એક વ્યક્તિના ઘરે સમયે જમવા ગયા હતા. તે દરમિયાન કોઇ શખ્સોએ તેઓના મકાનને નિશાન બનાવ્યું હતું. અજાણ્યા શખ્સોએ મુખ્ય દરવાજાને મારેલું તાળું કોઇ સાધન વડે તોડી ઘરમાં પ્રવેશ્યા હતા. અને તિજોરીમાં મૂકેલા સોના-ચાંદીના દાગીના ચોરી ગણતરીની મિનિટોમાં રવાના થઇ ગયા હતા.

ઘરે પરત ફરેલા નિરાલીબેન ઘરના દરવાજાનું તાળું તૂટેલું જોતા ચોંકી ઉઠ્યા હતા. દરમિયાન ઘરમાં જઇ તપાસ કરતા તિજોરીનો સામાન પણ વેરણ-છેરણ જોતા સ્તબ્ધ થઇ ગયા હતા. બાદમાં તેઓએ તિજોરીમાં તપાસ કરતા રૂ.૪.૪૦ લાખની કિંમત સોના-ચાંદીના દાગીના જોવા ન મળતા ઘરમાં ચોરી થઇ હોવાનું જણાયું હતું.

દરમિયાન નિરાલીબહેન પટેલના ઘરમાં ચોરી થયાની જાણ સ્થાનિક લોકોને થતાં લોકો દોડી આવ્યા હતા. તે સાથે આ બનાવની જાણ પોલીસને કરાતા પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. અને નિરાલીબહેન પટેલ પાસેથી પ્રાથમિક વિગતો મેળવી તસ્કરોની શોધખોળ હાથ ધરી હતી. પોલીસે તસ્કરોનું પગેરું મેળવવા માટે ડોગસ્ક્વોડ અને એફ.એસ.એલ.ની પણ મદદ લીધી છે.

સેજાકૂવા ગામમાં બનેલા ચોરીના બનાવે ગામમાં ચકચાર જગાવી મૂકી હતી. તે સાથે ગ્રામજનોમાં ગભરાટ પણ ફેલાવી દીધો હતો. પાદરા પોલીસે નિરાલીબેન પટેલની ફરિયાદના આધારે અજાણ્યા શખ્સો સામે ચોરીનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. ધોળે દિવસે સેજાકૂવા ગામમાં બનેલા ચોરીના આ બનાવમાં કોઇ જાણભેદુ હોવાનું પોલીસનું અનુમાન છે.

ઉલ્લેખનિય છે કે, ત્રણ દિવસે પૂર્વે જ પાદરા પોલીસ મથક હદ વિસ્તારમાં આવેલા ખંડેરાવપુરા ગામમાં રૂપિયા ૫ લાખના મુદ્દામાલની ચોરી થઇ હતી. લાખ તે પહેલાં પાદરાની સર્વોદય સોસાયટીમાં તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો હતો. આમ દિન પ્રતિદિન ચોરીના બનાવો બનતા પાદરા પોલીસ સામે લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. તસ્કરોને પોલીસનો ડર રહ્યો નથી તે રીતે તસ્કરો ચોરીઓ કરી રહ્યા છે.

# વાપીમાં મોટા ભાઈએ કરી નાના ભાઈની હત્યા, સળિયા વડે માર મારી ભાઈને ઉતાર્યો મોતને ઘાટ

(એ.આર.એલ),વાપી,તા.૧

વાપીમાં કૌટુંબિક બહેનના અન્ય ઈસમ સાથે સંબંધને કારણે સમગ્ર પરિવાર વેરવિખેર થયો હોવાની ઘટના બની છે. વલસાડ જિલ્લાના વાપીમાં મોટા ભાઈએ, નાના ભાઈની હત્યા કરતા ચકચાર મચી છે. સળિયા વડે માર મારી નાના ભાઈને મોતને ઘાટ ઉતારવાની ઘટના બની હતી. વાપીના બલિઠા વિસ્તારમાં મોટા ભાઈએ સળિયા વડે માર મારી નાના ભાઈને મોતને ઘાટ ઉતારી દીધો છે. કૌટુંબિક બહેનના અન્ય સંબંધી સાથે સંબંધ હોવાનું જણાઈ આવ્યું હતું. બલીઠા વિસ્તારમાં શિલ્પેશ પટેલ નામના યુવકની હત્યા કરવામાં આવી છે. મહત્વનુ છે કે, બહેનના સંબંધને કારણે બે ભાઈઓ વચ્ચે અડધી રાત્રે તકરાર થઇ હતી. આ તકરાર ખૂની ખેલ ક્યારે બન્યો તેની જાણ પણ નહીં થઈ અને બે ભાઈના સંબંધો લોહિયાળ જંગમાં ફેરવાઇ ગયા હતા.

કૌટુંબિક બહેનના સંબંધો બાબતે બે ભાઈઓ વચ્ચે વાત ચાલી રહી હતી અચાનક જ આ વાત મારપીટમાં ફેરવાઇ હતી. નજીવી બાબતની આ તકરારે હિંસક રૂપ ધારણ કર્યું અને પરિવાર વિખાયો હતો. સમગ્ર મામલે વાપી ટાઉન પોલીસે આરોપી સચીન પટેલની ધરપકડ કરી લીધી છે. મહત્વપૂર્ણ છે કે એક ભાઈની હત્યા થઇ અને બીજો ભાઇ જેલમાં જશે. એક નાની બબાલે હસ્તા ખેલતા પરિવારને વીંખી નાખ્યો.

# મહારાષ્ટ્ર રાજ્યની રચનાની ૬૩મી વર્ષગાંઠ નિમિત્તે રાજ્યપાલની રાષ્ટ્રધ્વજને સલામી

(એ.આર.એલ),મુંબઇ,તા.૧

રાજ્યપાલ રમેશ બૈસે મહારાષ્ટ્ર રાજ્યની રચનાની ૬૩મી વર્ષગાંઠ નિમિત્તે સોમવારે પહેલી મેના રોજ છત્રપતિ શિવાજી મહારાજ ઉદ્યાન મુંબઈ ખાતે આયોજિત મુખ્ય સત્તાવાર સમારોહમાં રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો અને જાહેર જનતાને સંબોધન કર્યું હતું.આ પ્રસંગે રાજ્યપાલે તમામ કામગીરીનું અવલોકન કર્યું હતું અને કાર્યકર્તાઓનું અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, મુંબઈ ઉપનગર જિલ્લાના પાલક પ્રધાન મંગલ પ્રભાત લોઢા, મુખ્ય સચિવ મનોજ સૌનિક, પોલીસ મહાનિર્દેશક રજનીશ સેઠ, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રશાસક ઈકબાલ સિંહ ચહલ, પોલીસ કમિશનર વિવેક ફણસાલકર, મુંબઈમાં વિવિધ દેશોના કોન્સલ, માનદ કોન્સલ, વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. મુખ્ય સત્તાવાર સમારોહમાં સશસ્ત્ર દળોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રશાસન અને પોલીસ દળના વરિષ્ઠ અધિકારીઓ અને નાગરિકો પણ આ સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે રાજ્ય અનામત પોલીસ દળ, બૃહન્મુંબઈ સશસ્ત્ર પોલીસ દળ, બૃહન્મુંબઈ રાયોટ કંટ્રોલ સ્ક્વોડ, બૃહન્મુંબઈ મહિલા સશસ્ત્ર પોલીસ દળ, મુંબઈ રેલવે પોલીસ ફોર્સ, મહારાષ્ટ્ર પોલીસ ફલેગ, બૃહન્મુંબઈ પોલીસ ફ્લેગ, સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ ફ્લેગ અને બોમ્બે ફાયર સર્વિસ ડિરેક્ટોરેટ ફ્લેગ, બૃહન્મુંબઈ ટ્રાફિક પોલીસ ફોર્સ, મુંબઈ ફાયર બ્રિગેડ, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન સિક્યુરિટી ફોર્સ, સિક્યુરિટી ગાર્ડ બોર્ડ બૃહન્મુંબઈ અને થાણે જિલ્લા પણ. બ્રાસ બેન્ડ અને પાઇપ બેન્ડ ઓર્કેસ્ટ્રાએ શાનદાર પ્રદર્શન કર્યું હતું.મુંબઈ પોલીસ વિભાગની ૪ મહિલા નિર્ભયા ટુકડી અને મુંબઈ ફાયર બ્રિગેડના અત્યાધુનિક વાહનોએ પણ ઓપરેશનમાં ભાગ લીધો હતો. રાજ્યપાલ અને મુખ્ય પ્રધાન દ્વારા નિમણૂકના આદેશોનું વિતરણઃ- આ વર્ષના કાર્યક્રમમાં પ્રથમ વખત રાજ્ય સરકાર હેઠળના વિવિધ વિભાગોમાં પસંદ કરાયેલા ઉમેદવારોમાંથી ૧૦ ઉમેદવારોને રાજ્યપાલ રમેશ બૈસ અને મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દ્વારા નિમણૂકના ઓર્ડર અને ભલામણ પત્રો આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમ પછી, રાજ્યપાલે હાજર સૈન્ય દળો, પોલીસ દળ, ફાયર બ્રિગેડ, મુંબઈના વિવિધ દેશોના પ્રતિનિધિઓ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને નિવૃત્ત અધિકારીઓની મુલાકાત કરી હતી અને તેમને રાજ્ય સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી હતી.મુખ્ય સત્તાવાર સમારોહ પછી રાજ્યપાલ રમેશ બૈસે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ક્રીડા ભવનમાં આયોજિત મહારાષ્ટ્ર દિવસના કાર્યક્રમમાં હાજરી આપી હતી અને દેશભક્તિના ગીતોનો કાર્યક્રમ માણ્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલે મહારાષ્ટ્રીયન ગીતોની ઉત્તમ રજૂઆત માટે બૃહન્મુંબઈ મહાનગર પાલિકાની સંગીત કલા અકાદમીને પચીસ હજાર રૂપિયાના ઈનામની જાહેરાત કરી હતી. મુંબઈના મ્યુનિસિપલ કમિશનર ઈકબાલ સિંહ ચહલે રાજ્યપાલનું સ્વાગત કર્યું હતું. રાજ્યપાલે જણાવ્યું હતું કે હિંદુ સ્વરાજ્યના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજના રાજ્યાભિષેકની ૩૫૦મી વર્ષગાંઠ છે. આ પ્રસંગે ૨જીથી ૯મી જૂન ૨૦૨૩ દરમિયાન શિવરાજ્યભિષેક મહોત્સવનું આયોજન કરવામાં આવશે. છત્રપતિ શિવાજી મહારાજના જન્મસ્થળ શિવનેરી કિલ્લા પર છત્રપતિ શિવાજી મહારાજના જીવન પર આધારિત મ્યુઝિયમ બનાવવામાં આવશે.૨૮ મેના રોજ સ્વાતંત્ર્ય સેનાની વિનાયક દામોદર સાવરકરની જન્મજયંતિ રાજ્ય સરકાર દ્વારા "સ્વતંત્રતા વેટરન્સ ઓનર ડે" તરીકે ઉજવવામાં આવશે.

# આણંદમાં ફાર્મ હાઉસમાં દારૂની મહેફિલ પર પોલીસના દરોડા, ૨૯ નબીરાઓ ઝડપાયા

(એ.આર.એલ),આણંદ,તા.૧

ગુજરાતને દારૂનું લાંછન લગાવનાર વિરુદ્ધ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. મહત્વનુ છે કે આ અંતર્ગત પોલીસ દ્વારા બાતમીને આધારે વધુમાં વધુ કેસો પકડી પાડવા માટે સતર્ક બની છે. ત્યારે આણંદમાં દારૂની મહેફિલ પર આંકલાવ પોલીસે દરોડા પડ્યા છે. દારુની મહેફિલ ચાલી રહી હતી જે દરમ્યાન પોલીસે દરોડા પાડતા નબીરાઓમાં નાસભાગ મચી હતી. આણંદના સ્વપ્નભૂમિ ફાર્મ હાઉસ ખાતે દારૂની મહેફિલ ચાલી રહી હતી, જે દરમ્યાન પોલીસે મહેફિલમાં ભંગ પાડ્યો હતો. પોલીસની કાર્યવાહી દરમ્યાન ૨૬ જેટલા લોકો રંગેહાથ ઝડપાયા હતા. ગુજરાતમાં દારૂબંધીના ધજાગરા ઉડાવનાર સામે પોલીસ લાલ આંખ કરી છે. આ અંગે દારૂની બદીને નાથવા પોલીસ સર્વેલન્સમાં હતી તે દરમ્યાન પોલીસને બાતમી મળી હતી. આણંદના એક ફાર્મ હાઉસમાં ચાલતી દારૂની મહેફિલ કે જેમાં અન્ય જિલ્લાઓ માંથી આવી ફાર્મ હાઉસમાં પાર્ટી કરવાનું ૨૬ લોકોને ભારે પડ્યું છે. પોલીસ દરોડા દરમ્યાના પકડાયેલા તમામ આરોપીઓ વડોદરાના હોવાનું સામે આવ્યુ હતું. પકડાયેલા તમામ આરોપીઓ સામે આંકલાવ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

NEWS OF GANDHINAGAR_P-2

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




વિષય - દશા અવદશા
શીર્ષક - સમય અને સમજ
શબ્દો - ૩૪૯
લેખક - જાનકી સોની

આપણામાંથી ઘણા લોકો એવું કહેતા હોય છે કે અમુક વ્યક્તિની અત્યારે અવદશા ચાલી રહી છે તેથી તે જે કઈ પણ કરશે તો બધુ ઊંધું જ પડશે પરંતુ શું આ વાતને આપણે સાચી માની લઈશું? મોટા ભાગના લોકો એમ કહેતા હોય અથવા માનતા હોય કે સમય ખરાબ હોય એટલે બધુ ઊંધું જ પડે અને ખરેખર એવું હોઈ શકે કે સમય ખરાબ હોવાથી આપણે જે પણ કાર્ય કરીશું તેમાં સફળતા નહિ જ મળે?

બધુ ઈશ્વરની મરજી પ્રમાણે થાય છે એ સાચું પરંતુ આપણા જીવનમાં દરેક સારી કે ખરાબ પરિસ્થિતિમાં શું નિર્ણય લેવો તે તો આપણાં ઉપર જ છે અને આપણે જે પણ નિર્ણય લઈશું તો તેનું જે કઈ પણ પરિણામ આવે તે ભોગવવાની આપણી તૈયારી હોવી જોઈએ. જ્યારે કોઈ પણ પરિસ્થિતિમાં નિર્ણય આપણો પોતાનો હોય પછી એ નિર્ણય સાચો અથવા ખોટો પણ હોઈ શકે અને તેનું જે પણ પરિણામ આવે ત્યારે જો સારું પરિણામ આવે તો આપણે એમ કહીએ છીએ કે મારા લીધે આ પરિણામ આવ્યું અને જો સારું પરિણામ ના આવે તો અમુક લોકો દોષનો ટોપલો ઈશ્વર પર ઢોળી દેતા હોય છે.

ઘણી વખત આપણી સફળતા અને નિષ્ફળતાને પણ આપણા નસીબ સાથે જોડી દેવામાં આવે છે' જેમ કે કોઈ વ્યક્તિને ખૂબ જ સફળતા મળી હોય તો તેનો શ્રેય તેના નસીબને આપવામાં આવે છે કે આ તો તેના નસીબ ખૂબ સારા ચાલે છે એટલે તેને સફળતા મળી અને નિષ્ફળતા માટે એવું કહેવામાં આવે છે કે ખૂબ બધી મહેનત કરી હોવા છતાં પણ તેમની સાથે અન્યાય થયો છે અને હાલ તેમના નસીબ સારા નથી ચાલી રહ્યા વગેરે.

જેમ આપણે કહીએ છીએ કે મનુષ્ય બળવાન નથી પરંતુ સમય બળવાન છે અને ઈશ્વરની મરજી વિના પાંદડું પણ હલતું નથી અને આપણે તો ખાલી કઠપૂતળી છીએ જેની દોરી ઈશ્વરના હાથમાં છે તેમજ જીવન એક રંગમંચ જેવુ છે જેની વાર્તા ઈશ્વરે પહેલેથી જ લખી દીધી છે અને પાત્રો પણ નક્કી કરી દીધેલાં છે અને આપણે તો આપણો વારો આવે ત્યારે આપણું પાત્ર ભજવી લેવાનું છે પરંતુ હું એવું કહીશ કે આપણે આપણું પાત્ર પૂરી નિષ્ઠાથી ભજવવાનું છે. માણસના જીવનમાં જે પણ દશા કે અવદશા ચાલતી હોય તેના માટે મોટા ભાગે માણસ પોતે જ જવાબદાર હોય છે પરંતુ ઘણા લોકો તેના માટે માણસના નસીબને જવાબદાર ગણે છે.

---

શબ્દ- ★દશા-અવદશા★
શિર્ષકઃ ટૂંકી વાર્તા;-
શબ્દોઃ ૧૦૮
લેખકનું નામઃ જયકાન્ત ઘેલાણી
★★પ્યારે"★
ધીરજલાલની પત્ની,
કાન્તાની ધીરજ હવે ખૂટવા
લાગી હતી...
યુવાનીમા સેવેલા સૂખના સ્વપ્નો
પંદર વર્ષોના વાણા વિતી ગયા, છતાં ....સાચાં પડશે તેવાં દિવસો, દૂર ને દૂર પણ, દેખાતા ન હતા.
ધીરજલાલ શેઠ ની ધર્મભાવના અને તે માટેની તેમની અડગ નિષ્ઠા જોઈને,સમયને પણ સમય બદલવોજ તેવો નિર્ણય લેવા મજબુર થવું પડ્યું !
ધીરજની, ધીરજ ફળી,
બરકત સાથે પત્ની ના મુખ ઉપર દ્રશ્યમાન આનંદની કૂદરતી બદલાવને શૂ સમજવું !
વડિલોની વાત ,કહેવત,
"દશા અને અવદશા નો બદલાવ
કર્મોને આધીનછે, પણ તેમા બદલાવ નિશ્ર્ચીત !
ધીરજની ધીરજફળી તે
જાણીતા અને અજાણ્યા માનવીઓ માટે,એક આનંદ મિશ્રીત પ્રશ્નાર્થ જરૂર હતો....

---

પ્રકારઃ- પદ્ય
વિષયઃ- દશા- અવદશા
શિર્ષકઃ- પરિવર્તનનો પડકાર
જીવનના બે પાસાં સુખ અને દુઃખ,
સુખ આવે તો સારી દશા ને અવદશાને કહે દુઃખ.
પાસાં સમયોસમય પલટાતા અહીં જાયે,
કદી હોય બત્રીસ પકવાનના ભોજન તો કદી ભોગવવી પડતી ભૂખ.
દશા સારી હોય તો રોજ- રોજ મિજબાની,
દોસ્તો, સગા-સંબંધીઓને હોય રોજ ઉજાણી.
ગોળ પર માંખીની જેમ ઉભરાતું લોકોનું ટોળું,
'મારા' , 'મારા' કહીને દોડતું રહેતું મન ભોળું.
સહું સારી દશાનો શ્રેય ભાગ્યને કે પૂર્વજન્મની પુણ્યાઈને જ આપે,
ખોટી હોય વાત ભલે એની, કોઈની મજાલ છે કે કાપે!
સુખ-સગવડો ને એશોઆરામ ઘરમાં વ્યાપે,
ચારેકોર અષ્ટ લક્ષ્મીજી જાણે આશિષ આપે.
જ્યાં હાથ નાંખે ત્યાં નીકળે સોનાની જ ખાણો,
દશા સારી હોય તો સહું કોઈ કરતું સ્તુતિ ને વખાણો.
દરેક શુભ પ્રસંગે હાજરી અગત્યની જણાએ,
સહું કરતા કોશિષ કે એની નજર મારા પર થાએ.
કોઈના આશિષ કે આંતરડી ઠાર્યાના આ સહું પ્રભાવો,
જીવન ભૂલી જાયે કે કોને કહેવાય અભાવો.
કર્મો ગયા જન્મના ઉમેરતાં સુખો ને ઋજુ સ્વભાવો,
વધતા જતા જીવનમાં પ્રતિદિન સત્કાર્યો અને સદભાવો.
અવદશાથી સહું જોજનો દૂર ભાગવા ચાહે,
પડે એ જો પાછળ તો પીછો ક્યાં છોડાયે?
બને વ્હાલાય વેરી ને રોજ બળબળતી સવારો,
આંસૂ આવે આંખે કે મારો ક્યાંથી આવ્યો આ વારો?
નથી છોડયા સંતોને કે અવતારી પુરુષોને,
અવદશાએ ઘેર્યા છે પશુ, પક્ષી ને સજીવ સૃષ્ટિને.
કોઈના શ્રાપ કે દિલ દુભાયાનું એ કારણ હશે,
આશીર્વાદ ને સત્કર્મો એ જ માત્ર એનું મારણ હશે.
હસીને પાપ કરીએ છીએ ને રોઈને પરિણામ ભોગવીએ છીએ,
દશા- અવદશાના શિકાર સહું કોઈ બનીએ છીએ.
જો અવદશા લંબાઈ તો થોભો ને વિચારો,
પુણ્યની સિલક ભેગી કરો ને સત્કર્મોને વધારો.
**અલકા નવિનચંદ્ર મહેતા**

---

વિષય - દશા-અવદશા
શીર્ષક -- ફળ કર્મોનું
શબ્દો -- ૧૦૨
લેખકનું નામ -- પ્રફુલ્લા "પ્રસન્ના"
લલાટ નથી ચમકતું હવે, ઘસાઈ ગઈ રેખાઓ હાથની!
ભારે હતું દુર્ભાગ્યનું પલ્લું, ગ્રહોએ ઉગામી અદ્રશ્ય લાકડી!
દશા હોય સારી દસે દિશાએથી, પાસા પડતાં સવળાં,
ચાંદ, સૂરજ, તારા નક્ષત્રો ને ગ્રહો પણ રહેતાં સવળાં,
માંગ્યાં વિના મળી જાય સઘળું, થાય ચાલ હોય જો સીધી કર્મોની,
માની લો એને આશિષ ઈશ્વરનાં ખુશીઓ મળે જીવનની,
ખૂટી જાય ધાન સુકર્મોનું ખાલી થઈ જાય કોઠી!
સંગ્રહ્યું હોય એ જ આવી મળે બેસે દશા જીવનની!
અવદશાએ સૂકાય જળ પાણીયારે, ના મળે અન્નનો દાણો,
પહેરતાં'તાં હિર અંગ પર હવે ચીંથરુ વીંટવાનો વારો.
દશા-અવદશા ચક્ર જીવનનું, આવન-જાવન અણધારી!
સુખ-દુઃખ પણ ફળ કર્મોનું દરેક કર્મનો હોય વારો.
**પ્રફુલ્લા "પ્રસન્ના"**

---

વિષય : દશા- અવદશા
શીર્ષક : માનવીની ઘેલછા
શબ્દો : ૭૭
લેખકનું નામ :કાજલ શાહ "કાજ"
અમ સંસારિ જીવોની આ કેવી દશા છે!
ન જીરવી શકાતી એવી અવદશા છે.
અપેક્ષાઓ હેઠળ દબાયું છે જીવન,
એ બોજાથી કણસે સહુનું અંતર મન.
સતત સુખનાં સાનિધ્યની ઈચ્છા સહુને,
ઝાંઝવાનાં જળે મોતીની ઘેલછા સહુને.
હ્રદયને સમજે છે સહુ ચોપાટ જાણે!
સ્વારથનાં સોગઠે લાગણીઓ દાવે આણે.
અહંકારનો ડોલર ચઢે આસમાને, ને,
સગપણની કિંમત અહીં કોડીની માને.
અદેખાઈ આડંબરને ગજવામાં ઘાલી,
અધોગતિનાં પંથે સહુ નીકળ્યાં છે હાલી.
ઈશ્વર અચંબિત થયો છે આ જોઈ!
માનવી થઈ આપણે માનવતા ખોઈ.
અસ્તુ.
**કાજલ શાહ**

---

વિષય★ :- ★"દશા અવદશા"★
★શીર્ષક★ :- "બમ્પ માટે કોઈ સમજશે કે"
★શબ્દ★ :- ★૩૫૦★

મને કમને મારે એજ રસ્તેથી ફરીથી નીકળવાનું થયું. ઘેરથી નીકળ્યો ત્યારે થોડી સૂચિ પકડાવી દીધી કે લખ્યા પ્રમાણેની વસ્તુઓ, બજાર જાઓ છો તો, વળતા લેતા આવજો.

સ્તે જતાં ઘણા બમ્પ આવે અને મને બંપની સખત ચીડ છે. કોઈ શાળા, કોલેજ, વૃદ્ધાશ્રમ, બાલવાટિકા, દવાખાનું વગેરે જેવી જરૂરી જગ્યાએ સલામતી માટે કરેલા હોય તો, તો ઠીક, સમજ્યા પણ અહી તો એમને એમ રોડ પર મન ફાવે તેમ, પાલિકાના નહિ, બિલ્ડર દ્વારા બમ્પ બાંધી દીધેલા હતા.

પોતાની સ્કીમના રહીશોને સલામતી મળે તે માટે એવા બિલ્ડરોએ અંદર જવા, બહાર નીકળતા ઝાંપા પાસે એમની સ્કીમની જગ્યામાં, આવા બમ્પ બાંધવા જોઈએ. સામાન્ય જનતાને નડે તેમ રોડ પર આવી રીતે બમ્પ બાંધીને પરેશાન કરવા તે શું સારું નથી જ નથી.

કોઈને અગત્યનું કામ હોય, ઝડપથી ક્યાંય જવું હોય, સમય બચાવવાનો હોય ત્યારે આ બંપ પરેશાની સર્જે છે. મનમાં ને મનમાં ધુંધવાવાનું, ચિડાવાનું થાય છે. આવા બિલ્ડરોને એ નહિ સૂઝતું હોય ? એ લોકોના નિવાસ આગળ તો ક્યારેય તેઓ આવા બમ્પ બાંધતા નથી કે બાંધવા દેતા નથી.

એમની સ્કીમ આગળના રોડ નગરપાલિકાના હોય છે અને તેઓ, પોતાની અંગત જાગીર ગણી જેમ ફાવે તેમ, ધારાધોરણ વિનાના બમ્પ બેસાડી દે છે. નગરપાલિકાના રોડ બાંધકામ શાખાના કર્મચારીઓ અધિકારીઓને આ દશા અવદશા દેખાતી નહિ હોય ? બમ્પ માટેના કોઈ ચોક્કસ નિયમો હોય તો તેવા નિયમો ક્યાંક જાહેરાતના કે સૂચનાના સ્વરૂપે જાહેર જનતાને જાણ થાય તેમ દર્શાવવા જરૂરી છે.

બિનજરૂરી વધારાના બમ્પથી સમયનો બગાડ થાય છે. ઈંધણ વધારે વપરાય છે. વાહનોને પણ બ્રેક મારવાથી નુકશાન થાય છે. ક્યાંક ક્યાંક તો બમ્પ દેખાતા જ નથી. ત્યાં વળી અકસ્માત થાય છે.

સૂચિમાંની બે ત્રણ વસ્તુ મોલમાં સહેલાઈથી મળી શકે તેમ હોવાથી હું મોલમાં ગયો. વાહન બહાર પાર્ક કરી અંદર ગયો. ખરીદી કરી બહાર આવ્યો. સામાન ડિકીમાં ગોઠવતી સમયે હેલ્મેટ બાજુ પર મૂક્યું.

વળતા, મન એમ વિચાર્યું કે આવ્યો હતો તે રસ્તે જવું નથી. બમ્પ નડશે. હું બીજા રસ્તે નીકળ્યો. તો ત્યાં પણ બમ્પ. છેક ઘર સુધી આવ્યો ત્યાં અચાનક યાદ આવ્યું કે હેલ્મેટ તો ત્યાં મોલ પર ભૂલી ગયો છું.

વળી પાછો વળ્યો, અન્ય એક જુદો રસ્તો લીધો ! બમ્પ થી બચવા ! તો ત્યાં પણ અગાઉના રસ્તા કરતાં વધારે બમ્પ મળ્યા. મનોમન ચિડાતો, ધૂંધવાતો હું અમારા ફ્લેટ પર આવ્યો તો ત્યાં પણ મોટો બમ્પ ! બોલો શું કરવું ?

**રસિકભાઈ વી પરમાર "રવ" વસાઈ-ડિંચાલ (પાટણ, ઉ.ગુ.)**

---

વિષયઃ દશા અવદશા
શબ્દઃ ૩૫૦
શીર્ષકઃ વેકેશનમાં બાળપણની દશા
લેખિકા નામઃ ડૉ. મનીષા વ્યાસ

अनाथः स्नेहार्द्रा विगलितगतिः पुण्यगतिदां
पतन विश्वोध्वत्रीं गदविगलितः सिद्धभिषजम।
सुधासिन्धु तृष्णाकुलितहृदयो मातरमयं
शिशुंः संप्राप्तसत्वामहमिह विदध्याः समुचितम्॥

★અર્થઃ-★ અનાથ, નિરાધાર, પતિત, રોગોથી ઘેરાયેલો, તૃષ્ણાથી વ્યાકુળ હદયવાળો એવો હું બાળક, સ્નેહથી દયાળું, પુણ્ય ગતિ આપનારી, જીવનો ઉદ્ધાર કરનારી, નિષ્ણાંત વૈદ્ય, અમૃતની નદી હે મા! તારી પાસે આવ્યો છું, ઠીક લાગે તેમ કર.

અહીં પંડિત જગન્નાથ મા ગંગાને અતિ આર્દ્રભાવે સ્તુતિ કરતાં શરણ લે છે..

હું હાલની સાંપ્રત પરિસ્થિતિમાં આ શ્લોકનું શરણું એટલે લઈ રહી છું કે.. હાલ સાવ નાનાં ફૂલ જેવાં અતિકોમળ ભૂલકાં પર ભણવાના અતિભાર સાથે વેકેશનમાં પણ સમર કેમ્પનું આયોજન કરીને..

ભૂલકું કાંઈ સમજે તે પહેલાં માબાપ હઠયોગી થઈ મહાપરાણે કેમ્પમાં એને ઢસડી મૂકી આવે.. ત્યારે આ બાળમાનસનું આંતરમન માને આવી જ આર્દ્રતાથી પોકારીને પ્રાર્થનાં કરતું હશે ને ! એણે વેકેશનની કેટલીક નાની અમથી કાચીપાકી યોજનાઓ બનાવી હશે.. અરે ક્યારેક પૂછી તો જુઓ.. એ એમની કાલીઘેલી ભાષામાં ઘણું આપણાથી જાણ્યું અજાણ્યું કહેશે. એને પરિવાર પાસે રહી કેટલાંક ચિત્રો દોરવાં હશે, વાર્તાઓ કહેવી હશે, શેરીમિત્રો.. અરે હા ભૂલી ગઈ હો.. હવે તો આ ટેકનોક્રેટ જમાનામાં આપણે એવા મિત્રો જ ક્યાં બનાવવા દીધા છે! સંગીત, કરાટે, સ્વિમિંગ, ડાન્સિંગ એવા ઘણા ક્લાસીસમાં અને પાછું સાથે ટ્યુશન ક્લાસિસ તો ખરું જ! આવી જરોજથામાં એનું વેકેશન બિચારું લાચાર થઈ પૂરું.

અરે, એંસીના દાયકા પહેલાં જન્મેલાંને પૂછો વેકેશનો કેવાં ભવ્ય હતાં!.. દાદા અને મામાના ઘરની લહેજત માણવાનો અને ભાંડરવાં સાથે જમવું, રમવું, ઝઘડવું અને પાછાં ઘડીભરમાં એક થવું.. કેવી સરસ રમતો કે ગામની ગલીએ ગલીઓ ગજવી મૂકતાં..

પેલું જોડકણું હરખથી ગાતાં..
મામાનું ઘર કેટલે?
દીવો બળે એટલે..
દીવો મેં તો દીઠો..
મામો લાગે મીઠો!

હા.. એકદમ મધથીય મીઠો.. કારણ આખા વર્ષની જમા પૂંજીમાંથી પોતાનાં ભાણકાં માટે થોડી ખર્ચવાની ત્રેવડ કરતા. અરે મામી પણ પાછી ના પડે.. ગર્વથી કહેતી અમારાં ભાણીયાં આવ્યાં છે..

આજે, અતિવિષાદ સાથે કહું તો આ જોડકણું થોડા અંશે આવું બદલાઈ રહ્યું છે..

મામાનું ઘર કેટલે?
ચાંદો ઊગે એટલે..
ચાંદો રાતે જ દીઠતો
મામા પ્રસંગે જ મીઠડો..
આબુ જઈશું, ગોવા જઈશું,
જઈશું દરિયા પાર!
દાદા મામા દૂર રહ્યા..
અમે ને અમારાં ચાર!

અરે!, શું કામ દેખાદેખીમાં આપણે બદલાઈને અલગાવ કરીએ.. ભાઈભાંડુ અને બહેનો એવું સુંદર સમાયોજન સાધીએ.. સૌ સાથે વેકેશન માણતાં.. રમીએ.. જમીએ.. સાથે કરીએ સારાં કામ..

ચાલો, આપણા ઘરથી જ વિશ્વબંધુત્વની ભાવના જગવીએ..

**ડો.મનીષા વ્યાસ (એડમીન)**

---

વિષય :- " દશા અવ દશા"
શીર્ષકઃ- કર્મ

મિત્રો જ્યોતિષ નક્ષત્રો ગ્રહો રાશિઓ ના આધારે એમના ગણિત પ્રમાણે દશાની ગણના કરે છે અને વ્યક્તિના જીવનમાં દશા અવ દશા ચાલતી હોય અને કેટલી અવધી સુધી છે તે વધુ નિવારણ પણ બતાવે છે હવે એ માનવું કે ન માનવું અને કેવી રીતે માનવું તે વ્યક્તિ પણ નિર્ભર હોય છે. જ્યારે મનુષ્યના જીવનમાં દશા કે અવદશા ચાલતી હોય તો કોઈ પણ કાર્યમાં એમને સફળતા મળતી નથી જે કાર્યકર્તા હોય તેમાં નિષ્ફળતા મળે છે એક પછી એક મુસીબતો થી ઘેરાઈ જતો હોય છે અને હતાશ થઈ જવાય છે આવી કપરી પરિસ્થિતિમાં અમુક વખત "જ્યોતિષ"ના ઉપાયોમાં મંદિરે જવાનું કહ્યું હોય તો મંદિર જવાનું તો દૂરની વાત છે ઘરમાં દિવાબત્તી પણ કરવાનું છોડી દેવાય છે માણસ એટલો બધો દુઃખ થી ત્રાસી ગયો હોય છે કે ભગવાનના નામથી પણ એમને ખીજ થવા લાગે છે .માનસ બધું જાણે છે કે પ્રભુની માયા છે એમની મરજી વગર પાંદડું પણ હલતું નથી.

મિત્રો, જીવનમાં દશા અવ દશા ચાલતી હોય તો હતાશ થઈને નસીબ ને દોષ આપવા કરતાં,હાથ પર હાથ ધરીને બેસવા કરતા પોતાનું ફરજ અને કર્મ સતત કર્યા જ કરવાનું.

**લીના શર્મા.હાલોલ**

---

પ્રકાર : ગદ્ય
વિષય : દશા અવદશા
શીર્ષક : બદલાતી દશા અવદશા

આજકાલ મનુષ્ય હંમેશા ભૂતકાળ ની સાથે ભવિષ્ય અને વર્તમાન ને સરખાવી સમાજિક.રાજકીય.શિક્ષણ.આરોગ્ય વગેરે અવલોકનો કરીને શાબ્દિક દશા અને અવદશા ના પરિણામો બતાવી રહ્યો છે.જેમ જેમ દરેક ક્ષેત્રો માં માનવ મહેરામણ દિન પ્રતિદિન વધારો થતો ગયો તેમ તેમ ચડિયાતું આપવાની લાહ્ય માં ગુણવત્તા ઘટતી ગઈ અને અછાજતું જોવા મળતું ગયું..૧૨ યુનિવર્સિટી હતી ત્યારે ની ડિગ્રી ની વેલ્યુ જુદી હતી જ્યારે આજે વિદ્યાર્થી યુનિ ની ખેંચતાણ માં ડિગ્રી વેલ્યુ ૧૦૮ યુનિ.ની ઘટતી ગઈ.તેમ સમાજિક અને રાજકીય પરિપ્રેક્ષ્ય જેમ મોટો થતો ગયો તેમ અવનવું બતાવવામાં કઈક ને કઈક ગુણવત્તા ઘટતી ગઈ અને આછકલા પણું વધતું ગયું.સંસ્કૃતિ બચાવવા વાળા ના નીત નવા પેંતરા હાસ્ય જનમાવે.. તળપદી,સાચા શબ્દો ની નામાવલી ભૂસાતી ગઈ..વ્યાકરણ ખોવાયું અને કઈક નવું આપવામાં શબ્દ શાર શોધે જડતો નથી..પુસ્તકો વેચાયા ની જગ્યાએ વહેંચવાનો વારો આવ્યો...પુસ્તક પરબો વધી ...આમ માણસે જાતે જ નક્કી કરવાનું કે આ દશા અવદશા લાવનારા પણ આપણે જ જવાબદાર છે .કેમકે ભાવી પેઢી ને શું આપી રહ્યા છો તર મહત્વનું છે..

**સંચાલક : પ્રદીપ રાવલ**

---

## પુરીના જગન્નાથ મંદિરના 'ખજાના'ની ચાવીઓ જ ખોવાઈ ગઈ! સરકાર-વિપક્ષ વચ્ચે ખેંચતાણ, મામલો હાઈકોર્ટ પહોંચ્યો

(એ.આર.એલ),ભુવનેશ્વર,તા.૧

ઓડિશામાં જગન્નાથ પુરીના તિજોરીની ચાવીને લઈને ભાજપ અને બીજેડી સરકાર વચ્ચે ખેંચતાણ શરુ થઈ છે. ઓડિશા હાઈકોર્ટે બીજેડી સરકારને ન્યાયિક તપાસ પંચના અહેવાલ વિશે જાણકારી આપવા કહ્યું છે. સામાજિક કાર્યકર્તા દિલીપ બરાલની અરજી પર સુનાવણી કરતા ૨૫ એપ્રિલે હાઈકોર્ટે રાજ્યના મુખ્ય સચિવ અને કાયદા સચિવને સરકાર વતી જવાબ આપવા જણાવ્યું હતું. આ મામલાની આગામી સુનાવણી ૧૦ જુલાઈએ થવાની છે. જો કે ખજાનાના આ રહસ્યને લઈને ભાજપ બીજેડી પર પ્રહારો કરી રહી છે. પુરીના જગન્નાથ મંદિરમાં કેટલીક શંકાસ્પદ ગતિવિધિઓની આશંકા છે. આ અંગે સવાલો ઉઠી રહ્યા છે. એવું કહેવાય છે કે મંદિરના આંતરિક રત્ન ભંડારની ચાવીઓ ગાયબ છે. આ દરમિયાન મંદિરની બે મહત્વની ફાઈલો ગુમ હોવાના અહેવાલો પણ આવ્યા હતા. હવે વિપક્ષ આ મુદ્દે પટનાયક સરકારને ઘેરી રહ્યો છે. એએસઆઈની ટીમ ૪ એપ્રિલ ૨૦૧૮ના રોજ રત્ન ભંડાર ખોલવા પહોંચી હતી, પરંતુ તેની ચાવી ન મળતા આ અંગે વિવાદ શરૂ થયો હતો. ભાજપના નેતા પિતાંબર આચાર્યએ કહ્યું કે સરકાર શા માટે મંદિરના અંદરના રૂમને ખોલવા માંગતી નથી. તેમણે કહ્યું કે એએસઆઈએ હાઈકોર્ટમાં કહ્યું છે કે આ રૂમને રિપેર કરવાની સખત જરૂર છે. આ રૂમમાં સુરક્ષિત રત્નો હજુ પણ છે કે નહી તે અંગે શંકા છે.

ઓડિશા પ્રદેશ કોંગ્રેસ કમિટીના અધ્યક્ષ ગણેશ્વર બેહરાએ પણ આ અંગે પ્રશ્ન ઉઠાવ્યો અને કહ્યું કે આ મંદિરની સુરક્ષા છજીૈંની જવાબદારી છે. જો રૂમમાં રીપેરીંગની જરૂર છે તો તેને તાત્કાલિક ખોલવી જોઈએ. તેમણે કહ્યું કે બીજેડી સરકાર જે રીતે કરી રહી છે, તેનાથી લાગે છે કે હવે રત્ન રૂમમાં સુરક્ષિત નથી. રાજયએ અહીં રાખવામાં આવેલા ખજાના વિશે બધાને જણાવવું જોઈએ.

## આસારામને જામીન મળી ગયાઃજો કે જેલમાંથી બહાર આવશે નહીં ?

(એ.આર.એલ),જોધપુર,તા.૧

સગીર વિદ્યાર્થીની પર બળાત્કાર કરનાર આસારામને આજે જોધપુર હાઈકોર્ટમાંથી જામીન મળી ગયા છે. આ જામીન આસારામ દ્વારા સુપ્રીમ કોર્ટમાં નકલી દસ્તાવેજો રજૂ કરવાના કેસમાં મળ્યા છે. આસારામ બળાત્કારના કેસમાં આજીવન કેદની સજા કાપી રહ્યો છે, તેથી જામીન મળ્યા બાદ પણ તે જેલમાંથી બહાર આવી શકશે નહીં. જસ્ટિસ કુલદીપ માથુરે આ મામલાની સુનાવણી કરતા જામીનનો આદેશ આપ્યો હતો. એડવોકેટ નીલકમલ બોહરા અને ગોકુલેશ બોહરાએ આસારામનો પક્ષ રજૂ કર્યો હતો. જણાવી દઈએ કે વર્ષ ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટમાં આસારામ વતી જોધપુર સેન્ટ્રલ જેલના ડિસ્પેન્સરીનું મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં આસારામની ઘણી ગંભીર બીમારીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જ્યારે સુપ્રીમ કોર્ટે આ પ્રમાણપત્રની તપાસ કરાવી તો મામલો નકલી નીકળ્યો. સુપ્રીમ કોર્ટના આદેશ પર આસારામના એડવોકેટ રવિ રાય વિરુદ્ધ જોધપુરના રતનદા પોલીસ સ્ટેશનમાં હ્લૈંઇ નોંધવામાં આવી હતી અને આસારામને પણ આ કેસમાં આરોપી બનાવવામાં આવ્યા હતા. આ કેસમાં આસારામને ૧૮ જાન્યુઆરીએ ઝ્રત્નસ્ મેટ્રો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટમાં આસારામ વિરુદ્ધ આરોપો જાહેર કરવામાં આવ્યા હતા. આ પછી આસારામના વકીલે હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. આ જ અરજી પર આજે સુનાવણી થઈ હતી.

## કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડર સસ્તો થયો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧

આજથી નવો મહિનો શરૂ થયો છે. આ સાથે સરકાર તરફથી સારા સમાચાર પણ આવ્યા છે. એલપીજી ગેસ સસ્તો થયો છે. સરકારી ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ઘટાડો કર્યો છે. આ સાથે જેટ ફ્લુટના ભાવમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે.ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ આજથી ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં લગભગ ૧૭૨નો ઘટાડો કર્યો છે. આ સિવાય જેટ ફ્યુઅલ ની કિંમતમાં પણ ૨૪૧૫ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. નવા દર આજથી જ લાગુ થઈ ગયા છે. જોકે, ઘરેલુ એલપીજી એટલે કે રાંધણ ગેસના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ૪ મહાનગરમાં કોમર્શિયલ એલપીજીના ભાવ : દિલ્હીમાં ૨૦૨૮ રૂપિયાના બદલે હવે ૧૮૫૬.૫૦ રૂપિયાનો સિલિન્ડર, કોલકાતામાં ૧૯૬૦.૫૦ રૂપિયા જે પહેલા સિલિન્ડર દીઠ ૨૧૩૨ રૂપિયા હતા. મુંબઈમાં ૧૮૦૮.૫૦ હતો જ્યારે ગયા મહિને ભાવ ૧૯૮૦ રૂપિયા હતો. આજથી ચેન્નાઈમાં કિંમત ૨૦૨૧.૫૦ રૂપિયા થશે, જે એપ્રિલમાં ૨૧૯૨.૫૦ રૂપિયા હતી. મહિનાના પહેલા દિવસે એરલાઈન કંપનીઓ માટે પણ રાહતના સમાચાર આવ્યા છે. ઓએમસીએ જેટ ફ્યુઅલના ભાવમાં ઘટાડો કર્યો છે. કિંમતોમાં ૨૪૧૫.૨૫ રૂપિયાનો ઘટાડો થયો છે. એટીએફના નવા ભાવ આજથી લાગુ થશે. પીક ટ્રાવેલ સીઝનમાં કિંમતોમાં ઘટાડો એરલાઈન કંપનીઓ માટે મોટી રાહત હશે. આ કારણે હવાઈ ભાડામાં પણ ઘટાડો થવાની આશા રાખવામાં આવી શકે છે. એટીએફની નવી કિંમતઃ દિલ્હી રૂપિયા ૯૫૯૩૫.૩૪, મુંબઈ રૂપિયા૮૯૩૪૮.૬૦,કોલકાતા રૂપિયા ૧૦૨૫૯૬.૨૦,ચેન્નાઈ રૂપિયા૯૯૮૨૮.૫૪ થયો છે. એલપીજી સિલિન્ડરનો ઉપયોગ દેશની મોટી વસ્તી દ્વારા કરવામાં આવે છે. પરંતુ શું તમે જાણો છો કે ગેસ કનેક્શન લેવાની સાથે તમને ૫૦ લાખ રૂપિયા સુધીનો વીમો પણ મળે છે. તેને એલપીજી વીમા કવર કહેવામાં આવે છે. જો ગેસ સિલિન્ડરને કારણે કોઈ પણ પ્રકારનું જાન-માલનું નુકસાન થાય છે, તો તેની ભરપાઈ વીમાની રકમ દ્વારા કરવામાં આવે છે. ગેસ સિલિન્ડર પરનો આ વીમો બિલકુલ ફ્રીમાં ઉપલબ્ધ છે. મતલબ કે તમારે આ માટે કોઈપણ પ્રકારનું પ્રીમિયમ ચૂકવવાની જરૂર નથી. આ સુવિધા તમામ સિલિન્ડર ધારકને મળે છે.

NEWS OF GANDHINAGAR_P-3

NEWS OF GANDHINAGAR_P-4

## આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં

# ઊંઝા એપીએમસી હોલ ખાતે આરોગ્યલક્ષી સેવાઓનો કાર્યક્રમ યોજાયો

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને અન્ય મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં એ.પી.એમ.સી હોલ ઊંઝા ખાતે આરોગ્યલક્ષી સેવાઓનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે,આખા ભારતમાં ન મળે એવી સારવાર માટેનું તંત્ર આપણા ગુજરાતમાં છે.આજે ગુજરાતમાં દેશ-વિદેશથી લોકો સારવાર અર્થે આવે છે.જેના કારણે ગુજરાત મેડીકલ ટુરીઝમનું ક્ષેત્ર પણ બન્યું છે. આ અવસરે આરોગ્ય મંત્રીએ પણ કહ્યું કે,વર્ષ ૨૦૦૧ની તુલનામાં ગુજરાતમાં આજે બાળ મૃત્યુદર,માતા મૃત્યુ દર વગેરેમાં નોંધ પાત્ર ઘટાડો થયો છે.જેનો શ્રેય આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે.તેમના સફળ પ્રયાસોના કારણે જ ગુજરાત આજે આરોગ્ય ક્ષેત્રે હેલ્થનું મોડલ સ્ટેટ બન્યું છે. આ વેળાએ આરોગ્ય મંત્રીએ પણ ઉમેર્યું કે,આ વર્ષનાં બજેટમાં આરોગ્ય ક્ષેત્રને ૧૮૦૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.તેમજ રાજ્ય સરકાર દ્વારા બજેટમાં એ પણ જોગવાઈ કરી છે કે દરેક જીલ્લામાં મેડીકલ કોલેજ હોય જેના થકી આપણને સારા સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરો,નર્શો વગેરે ઉપલબ્ધ થઇ શકે.પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી લઈને હોસ્પિટલ સુધી આરોગ્ય કેન્દ્ર સુદ્રઢ બન્યું છે. આ પ્રસંગે આરોગ્ય મંત્રીએ પણ જણાવ્યું કે,આજે માં કાર્ડ,માં વાત્સલ્ય કાર્ડ અને આયુષ્માન કાર્ડ થકી અનેક કુટુંબો દેવદાર થતા અટકયા છે.હવે તો સરકાર આયુષ્માન કાર્ડનો વ્યાપ વધારીને ૧૦ લાખ કરવા જઈ રહી છે. રાજ્ય સરકાર દ્વારા ઊંઝા શહેર ખાતે મંજુર થયેલ ૦૨ નવા શહેરી આરોગ્ય કેન્દ્રનો શુભારંભ કરાયો હતો.આ ઉપરાંત સામુહિક



આરોગ્ય કેન્દ્ર કલ્યાણપુરા,કડી અને સામુહિક આરોગ્ય કેન્દ્ર નંદાસણ,કડી ખાતે ઇ.સી.આર.પી અંતર્ગત નવીન ૨૦-૨૦ બેડના આઇસોલેશન વોર્ડના કામનું લોકાર્પણ,એ.પી.એમ.સી ઊંઝા કેડીલા ફાર્માસ્યુટીકલ લીના સહયોગથી સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ઊંઝા ખાતે હેલ્થ મેલા, ડબ્લુય.એચ.ઓના સહયોગથી મીઝલ્સ તથા રૂબેલા એલીમેનેશન તથા વીપીડી સર્વેલન્સ વર્કશોપ, પી.એમ.જી.વાય મા કાર્ડ, આભા કાર્ડ મેગા કેમ્પ સહિત આરોગ્યલક્ષી વિવિધ સેવાઓનું લોકાર્પણ કરાયું હતું. આ ઉપરાંત એ.પી.એમ..સી ઊંઝા,કેડીલા ફાર્માસ્યુટીકલ લી. ના સહયોગથી મેગા મેડીકલ કેમ્પ જેમાં સિવિલ હોસ્પિટલ,અમદાવાદના વિવિધ વિભાગોના તજજ્ઞો, ઇ.સી.જી, સોનાગ્રાફીની સુવિધા, જીસી.આર.આઇ (કેન્સર ઇન્સ્ટીટ્યુટ અમદાવાદના તજજ્ઞો), કીડની ઇન્સ્ટીટ્યુટ અમદાવાદના તજજ્ઞો, યુ,એન. મહેતા કાર્ડિયોલોજી હોસ્પિટલ,અ મદાવાદના તજજ્ઞો અને હ્રદયના નિદાન માટે ૦૨-ડી તેમજ ડાયરેકટરશ્રી ગર્વમેન્ટ સ્પાઇન ઇન્સ્ટીટ્યુટ અને પેરાપ્લેજીયા હોસ્પિટલ મારફતે તથા કુત્રિમ અંગોનું નિર્દર્શન તથા લાભાર્થીને કુત્રિમ અંગ વિતરણ, જી.સી.આર.આઇ (કેન્સર ઇન્સ્ટીટ્યુટ અમદાવાદ)ના સહયોગથી કેન્સર નિદાન, મેમોગ્રાફી તથા પેપરસ્મીયર માટે કેન્સર રથ દ્વારા આયોજન કરાયું હતું. તેમજ એ.પી.એમ.સી ઊંઝા દ્વારા મહેસાણા જિલ્લા વહીવટીતંત્ર મારફતે જી.એમ.ઇ.આર.એસ મેડીકલ કોલેજ વડનગરના સહયોગથી મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો.સદભાવ ફાઉન્ડેશન મહેસાણા દ્વારા ૨૧ સગર્ભા બહેનોને દત્તક લઇ છ માસ સુધી પોષણ કીટ,જહોન્સ કંટ્રોલ હિટાચી એર કન્ડીશનીંગ ઇન્ડિયા લી કરણનગર કડીના સહયોગથી શાળાએ જતી કિશોરીઓને ૫ હજાર સેનીટરી નેપકીન વિતરણ,નવજાત બાળકો માટે બેબી કેર કિટ વિતરણ (બેબી શેમ્પુ,બેબી શોપ,બેબી ઓઇલ,એન્સીસેપ્ટીક વગેરે),ઊંઝા તાલુકાની સગર્ભા બહેનોની એ.એન.સી પ્રોફાઇલ લોહીની તપાસ,દિવ્યાંગતા સર્ટીફીકેટ વિતરણ,પી.એમ.જે.વાય મા યોજના અંતર્ગત પી.એમ.જે.વાય મા એનરોલમેન્ટ-રીન્યુઅલ કેમ્પ તેમજ કાર્ડ વિતરણ,આયુષ્યમાન ભારત ડીઝીટલ મિશન અંતંર્ગત આયુષ્યમાન ભારત હેલ્થ લાભાર્થીઓને હેલ્થ કાર્ડ વિતરણ,આર.બી.એસ.કે ટીમને શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનપત્ર વિતરણ,શ્રી આઇ.એ.કડીવાલા સુરતના સહયોગથી ૦૫ ટ્રાઇસિકલ,૦૨ વ્હીલચેર,૧૦૦ બેબી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ અવસરે સાંસદ શ્રીમતિ શારદાબેન પટેલ,જિલ્લા પંચાયતનાં પ્રમુખ પ્રહલાદ પરમાર,ધારાસભ્ય સર્વેશ્રી કરશનભાઇ સોલંકી, મુકેશભાઇ પટેલ,જીલ્લા વિકાસ અધિકારી ડો.ઓમ પ્રકાશ,જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન હરિભાઈ પટેલ, એ.પી.એ.સી ઊંઝાનાં ચેરમેન દિનેશ પટેલ, ઊંઝા તાલુકા પંચાયતના પ્રમુખ, ઊંઝા નગરપાલિકાના પ્રમુખ, ડબ્લુય.એચ.ઓના પ્રતિનિધિઓ, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.મહેશ કાપડિયા, યુ.એન મહેતાના ચિરાગભાઈ, તબીબીઘણ, લાભાર્થીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યના પ્રજાવત્સલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે તેમજ ગૃહ અને રમતગમત મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં 36-GNPLનો રંગારંગ શુભારંભ સમારોહ યોજાશે

ગાંધીનગર ઉત્તર વિધાનસભાના યુવા અને સક્રિય મહિલા ધારાસભ્ય શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ દ્વારા આયોજિત ૩૬-GNPL(ગાંધીનગર નોર્થ પ્રીમિયર લીગ) નાઈટ ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટનો રંગારંગ શુભારંભ ૨ મે ૨૦૨૩, મંગળવારે સાંજે ૭.૩૦ કલાકે રામકથા મેદાન, સેકટર ૧૧ ખાતે રાજ્યના પ્રજાવત્સલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે તેમજ ગૃહ અને રમતગમત રાજ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં સ્ટેજ પરફોર્મન્સ અને આતશબાજી સહિતના કાર્યક્રમોથી કરવામાં આવશે. પ્રોત્સાહન અને પારિવારિક મનોરંજન સાથે આયોજિત ૩૬-GNPLની પ્રથમ સિઝનમાં ક્રિકેટની પુરુષોની ૧૩૬, મહિલાઓની ૧૮ ટીમ સહિત કુલ ૧૫૪ ટીમ તેમજ વોલીબોલની પુરુષોની ૨૪ અને મહિલાઓની ૧૦ ટીમ સહિત કુલ ૩૪ ટીમ



ખેલદિલી સાથે ટકરાશે. ૩૬-GNPL ૨૫૦૦ થી વધુ પુરુષ અને મહિલા ખેલાડીઓ ભાગ લેશે. ૩૬-GNPL અંગે વધુ માહિતી આપતા ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે જણાવ્યું છે કે, આ ટુર્નામેન્ટમાં યુવાનો તો ઉત્સાહભેર ભાગ લઈ જ રહ્યા છે પરંતુ આ ઉપરાંત તબીબો, વકીલો, ચાર્ટડ એકાઉન્ટન્ટસ, વિવિધ ક્ષેત્રના વેપારીઓ, વિવિધ સમાજની ટીમો, પત્રકાર મિત્રો, આર્મી અને પોલીસના જવાનો, સરકારી કર્મચારીઓ, મેડીકલ ક્ષેત્રની મહિલાઓ, ગૃહિણીઓ પણ ૩૬-ગાંધીનગર નોર્થ પ્રીમિયર લીગમાં પોતાનું નસીબ અજમાવશે. એક જ વિધાનસભા ક્ષેત્રમાંથી જ ૧૮૮ ટીમ સાથે ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટના આયોજન બાબતે ૩૬-GNPL દ્વારા રેકોર્ડ સ્થાપિત થવા જઈ રહ્યો છે. મહિલાઓની ટીમને નિશુલ્ક પ્રવેશ આપવામાં આવ્યો છે. શ્રીમતી રીટાબેન પટેલે જણાવ્યું છે કે, ૩૬-GNPL ના મંચ પર ગાંધીનગર ઉત્તર વિધાનસભા ભારતીય જનતા પાર્ટી દ્વારા વિસ્તારમાં રહેતા અને રમતગમત ક્ષેત્રે સિદ્ધિ ધરાવતા રમતવીરો તેમજ ધાર્મિક સંતો, સામાજિક અગ્રણીઓને આમંત્રિત કરી સન્માનિત કરવામાં આવશે તેમજ તેમના હસ્તે ટોસ કરાવવામાં આવશે. ટુર્નામેન્ટને મનોરંજનથી ભરપૂર તેમજ વધુ રસપ્રદ બનાવવા LED સ્ક્રીન, લાઈવ પ્રસારણ, રિપ્લે, લાઈવ કૉમેન્ટરી તેમજ મ્યુઝિક સિસ્ટમની વ્યવસ્થા કરવામાં આવી છે. ટુર્નામેન્ટ દરમિયાન દર્શકો અને ખેલાડીઓને ભરપૂર મનોરંજન મળી રહે તે પ્રકારે ૩૬-GNPL નું આયોજન કરવામાં આવ્યું છે. ટુર્નામેન્ટની જાહેરાત થઈ ત્યારથી જ રમતપ્રેમીઓએ ખુબ જ આવકાર આપ્યો છે અને ટીમ રજીસ્ટ્રેશન ખુબ મોટા પ્રમાણમાં થયું છે ત્યારે ૩૬-GNPL ની પ્રથમ સીઝન ને યાદગાર અને પારિવારિક મનોરંજનથી ભરપૂર બનાવવા અમારા તરફથી પૂર્ણ પ્રયાસ કરવામાં આવશે અને દર વર્ષે ૩૬-GNPL નું ભવ્ય આયોજન કરવામાં આવશે તેમ ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે જણાવ્યું છે.

## અંબાજી મંદિરમાં લગ્ન કંકોત્રી ચઢાવનાર નવદંપતીને માં અંબાના આશીર્વાદ રૂપે શુભેચ્છા કીટ આપવામાં આવશે

(માહિતી બ્યુરો, પાલનપુર) યાત્રાધામ અંબાજી ખાતે વર્ષે સવા કરોડથી વધુ માઇ ભક્તો દર્શનાર્થે પધારે છે. અંબાજી ખાતેની સુખ સુવિધાઓમાં વધારો થતાં યાત્રાળુઓની સંખ્યામાં દિન-પ્રતિદિન વધારો થતો રહે છે. માં ના દર્શનાર્થે આવતા યાત્રાળુઓ પોતાના ઘરે કોઈ શુભ પ્રસંગ કે લગ્ન પ્રસંગ હોય તો માતાજીને પોતાના પ્રસંગમાં આમંત્રણ આપવા કંકોત્રી માતાજીના ભંડારમાં પધરાવે છે. શ્રદ્ધાળુઓ ભક્તિભાવ પૂર્વક માં જગદંબાના ચરણોમાં પોતાના ઘરના શુભ પ્રસંગોએ માં જગદંબાને આમંત્રિત કરે છે. માતાજીને અર્પણ કરાયેલ લગ્નપત્રિકાને ટ્રસ્ટ ધ્વારા અંબાજી મંદિર પાછળ ટેમ્પલ ઇન્સ્પેક્ટર કચેરી ખાતે રૂબરૂમાં સ્વીકારવામાં આવશે. રૂબરૂમાં આપેલ કંકોત્રીની અંબાજી મંદિર ખાતે નોધણી કરવામાં આવશે. માં જગદંબાના શુભાશિષ રૂપે અંબાજી ટ્રસ્ટ ધ્વારા માતાજીના આશીર્વાદ યાત્રાળુઓને પ્રાપ્ત થાય તે હેતુથી શુભેચ્છા કીટ આપવામાં આવશે. આ કીટમાં નવદંપતીને આશીર્વાદ રૂપ માતાજીને ચડાવેલ કંકુ, રક્ષા પોટલી, પ્રસાદ, માતાજીનું સ્મૃતિચિન્હનો સમાવેશ કરવામાં આવશે. જગદજનની માં જગદંબા શ્રદ્ધાળુઓના માંગલિક શુભ પ્રસંગે સુખ-સમૃદ્ધિ અને ઐશ્વર્ય અર્પે તેવી અભ્યર્થના દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા પાઠવવામાં આવશે. આ શુભેચ્છા કીટ માતાજીના આશીર્વાદ રૂપે તા.૧-૫-૨૦૨૩ થી માઈ ભક્તોને ઉપલબ્ધ થશે એમ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# અમેરીકાના કેલિફોર્નિયા સ્થિત કાન્તિભાઈ તથા ચન્દ્રિકાબેન મિસ્ત્રીની ૫૭મી લગ્નતિથિની ઉજવણી થઈ

શનિવાર તા.૨૯મી એપ્રિલના રોજ જાણીતા પ્રેસ ફોટોગ્રાફર શ્રી કાન્તિભાઈ મિસ્ત્રી તથા ચંદ્રિકા મિસ્ત્રીની ૫૭મી લગ્નતિથિની ઉજવણી તેમના કેલિફોર્નિયાના નિવાસસ્થાને કરવામાં આવી હતી. તેમાં નજીકના અને ખાસ ખાસ મિત્રોની હાજરી હતી. સૌ મિત્રોએ બપોરના સુંદર લંચમાં મેથીના ગરમાગરમ ગોટા, બટેટાવડાં, કઢી ચટણી અને મરચાંની લહેજત માણી હતી. સાથે મિઠાઈ અને સુમધુર શેરડી રસ પણ સૌએ માણ્યા. સૌ મિત્રોએ તેઓ બન્નેને ૫૭મી લગ્નતિથિની કેક કાપીને વધામણી આપી હતી. આ પ્રસંગે ગાયત્રી મંદિરના શ્રી ભાનુભાઈ પંડયા તથા અ.સૌ.કુસુમબેન પંડયા એ



ગાયત્રી મંત્ર તથા મહામૃત્યુંજય મંત્રનું ત્રણ વખત સામૂહિક ગાન કરાવ્યું હતું.ત્યાર બાદ તેમના નિવાસસ્થાને જ આવેલ સ્પા અને પુલમાં સૌએ લાંબા સમય સુધી વોટર પુલ માં મોજમસ્તી કરતાં કરતાં ગમ્મતભરી ક્ષણો વિતાવી પ્રસંગને રોમાંચિત બનાવ્યો હતો. અંતમાં ગરમા ગરમ ચ્હા-કૉફી માણી સૌ કોઈએ વિદાય લીધી હતી.

**(માહિતી અને તસ્વિર સૌજન્ય :- ગુણવંતભાઈ પટેલ )**

# કવિ શ્રી બોટાદકર કોલેજમાં ગ્રંથ લોકાર્પણ કાર્યક્રમ યોજાયો



જન જાગૃતિ અભિયાન વડોદરા અને કવિ શ્રી બોટાદકર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ બોટાદ તથા બોટાદકર સાહિત્ય સભા તથા ભારતીય સંસ્કૃતિ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તારીખ ૨૯ ૪ ૨૩ શનિવારના રોજ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની કર્મ નિર્વાણ ભૂમિ બોટાદ ખાતે મેઘાણી વંદના અને આઝાદીના અમૃત યાત્રીઓ એ બંને ગ્રંથોના લોકાર્પણ નો ભવ્ય કાર્યક્રમ કોલેજના કોન્ફરન્સ હોલમાં યોજાઈ ગયો કાર્યક્રમની શરૂઆત શ્રી જોરુભાઈ ખાચરના કંઠે મેઘાણી રચિત કસુંબીનો રંગ ગીત થી થઈ જનજાગૃતિ અભિયાનના મેનેજિંગ ટ્રસ્ટી મનહરભાઈ શાહ સાહેબે સર્વેનું શબ્દોથી સ્વાગત કરી કાર્યક્રમનો હેતુ સ્પષ્ટ કર્યો. બોટાદ જિલ્લા ડીવાયએસપી શ્રી મહર્ષિ રાવલ તથા કોલેજના આચાર્યશ્રી અનિરુદ્ધસિંહ મકવાણા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા અને કાર્યક્રમની પ્રસ્તુતતા સાથે પ્રસન્નતા વ્યક્ત કરી કાર્યક્રમ સંયોજક જોરુભાઈ ખાચરે મેઘાણીના સંપાદિત રઢીયાળી રાતના ગીતો ગાઈ તેમના કાર્યને બિરદાવી માહોલ રચ્યો. જ્ઞાનમંજરી વિદ્યાલયના આચાર્ય અને પ્રખર વક્તા શ્રી મહેતા સાહેબે આઝાદીના અમૃત યાત્રીઓ ગ્રંથનો ટૂંક પરિચય આપ્યો ત્યારબાદ જાણીતા શિક્ષણવિદ કવિ અને પૂર્વ શિક્ષણ અધિકારી શ્રી નૈષધભાઈ મકવાણાએ મેઘાણી વંદના ગ્રંથનો રસાત્મક શૈલીમાં પરિચય કરાવ્યો અને યુવાનોને જીવનમાં પુસ્તકનું મહત્વ સમજાવ્યું. કાર્યક્રમના અધ્યક્ષશ્રી અને ભારતીય સંસ્કૃતિ સેવા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બાપુભાઈ ધાધલ સાહેબે અધ્યક્ષીયપ્રવચનમાં તેમના વિચારો મૂક્યા અને ઓનલાઇન કાર્યક્રમમાં માનદ સેવા આપનાર સૌ કલાકાર મિત્રો અને પ્રવચનકારોને બિરદાવ્યા. સમગ્ર કાર્યક્રમનું રસાત્મકશૈલીમાં જાણીતા કવિ લેખક કોલમિસ્ટ અને સફળ સ્ટેજ સંચાલક આદર્શ શિક્ષક શ્રી પ્રવીણભાઈ ખાચરે સુચારુ સંચાલન કરી સૌના દિલ જીતી લીધા. કાર્યક્રમના અંતે જન જાગૃતિ અભિયાનના કાર્યક્રમ સંયોજક શ્રી જોરુભાઈ ખાચરે મેઘાણી રચિત કોઈનો લાડકવાયો ગીત ગાઈઆભાર વિધિ કરી. ત્યારબાદ અલ્પાહાર સાથે કાર્યક્રમ સંપન્ન થયો.

**અહેવાલ કનુભાઈ ખાચર**

## ફોટો ગેલેરી

# ભાડજ સર્કલ વી.નાઈન કિકેટ ગ્રાઉન્ડ ખાતે ટેનિસ કિકેટ ટુર્નામેન્ટ યોજાયો



શ્રી વેણીશા ક્ષાતિ યુવક મંડળ દ્વારા યુવાનો માટે ટેનિસ કિકેટ ટુર્નામેન્ટ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા ચાર ટીમો એ ભાગ લીધો હતો જેમા ફાઈનલ મેચ રોનક ધાચા અને અમિત રાજપૂરા વચ્ચે રમાય હતી એમા રોનકધાચા ની ટીમ વિજેતા બની હતી આ કાર્યક્રમ મા સમાજ ના આગેવાન અનિલ ભાઈ કાટવાલા ના હસ્તે ટોફી આપી યુવાનો ને સન્માનિત કરવામા આવ્યા હતા સમાજ ના લોકો મોટી સંખ્યા મા હાજર રહ્યા હતા.



સરસ્વતિ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયંસિસ દ્વારા તા. ૨૦/૦૪/૨૦૨ ૩ ના રોજ ઈન્વિન્સીબલ (વિદ્યાર્થીઓ દ્વારા સંચાલિત એનજીઓ) સાથે MOU પર હસ્તાક્ષર કર્યા હતા. યુથ બ્રિગેડ એ ઈન્વિન્સીબલ એનજીઓ હેઠળ સમગ્ર યુવા સશક્તિકરણ માટે વિવિધ પ્રવૃત્તિઓ (જેમ કે સૂચિમાં જણાવ્યા મુજબ સોફ્ટ સ્કિલ્સ ટ્રેનિંગ: પબ્લિક સ્પીકિંગ, સમૂહ ચર્ચા, પ્રસ્તુતિ કૌશલ્ય, તણાવ વ્યવસ્થાપન: શિષ્ટાચાર, પ્રત્યાયન કૌશલ્ય ફીજીકલ ટ્રેઈનીંગ: રાઇફલ શૂટિંગ, સેલ્ફ ડિફેન્સ, ગાંઠો બનાવવી, બચાવ તકનીક, નાગરિક સંરક્ષણ, મૂળભૂત સર્વાઈવલ, વિઘ્ન કાર્યપ્રણાલી, દિશા શોધ, યોગ અને પ્રાણાયામ, સમુદાય જાગૃતિ ડ્રાઈવ્સ, મોટિવેશનલ સેમિનાર) હાથ ધરવા માટે લેવામાં આવેલ એક પ્રોજેક્ટ છે. આ તમામ પ્રવૃત્તિઓ કૌશલ્ય વિકાસ તથા વ્યક્તિગત વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. યુવા બ્રિગેડને સ્વયંસેવક દળ તરીકે રજૂ કરવામાં આવે છે, જ્યાં તાલીમાર્થીઓ જીવન કૌશલ્યો વિશે શીખે છે અને મજબૂત અને સુખી રાષ્ટ્ર બનાવવાના દષ્ટિકોણથી સમાજની સુધારણા માટે વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરે છે.

# ભાવનગરમાં તોડકાંડના આરોપી યુવરાજ સિંહને રિમાન્ડ પૂર્ણ થતાં જેલ હવાલે કરાયો

(એ.આર.એલ),ભાવનગર,તા.૧ ગુજરાતના ભાવનગરમાં તોડકાંડના આરોપી યુવરાજસિંહ ને પોલીસ દ્વારા કોર્ટ માં રજૂ કરાતા કોર્ટે યુવરાજસિંહ ને જેલ હવાલે કરવાનો હુકમ કર્યો છે. જયારે યુવરાજસિંહ જેલમાં જતા પહેલા કહ્યું કે આ અસત્ય સામે સત્યની લડાઈ છે. આ અલ્પવિરામ છે પૂર્ણ વિરામ નથી, લડાઈ શરૂ રહેશે, હજુ ઘણું આવવાનું બાકી છે. જયારે પોલીસના કબજામાંથી યુવરાજસિંહ નીકળતા જ હુકાર કર્યો છે. યુવરાજસિંહ સાથે તોડકાંડ ના આરોપી કાનભા અને અલફઝ ઉર્ફે રાજુને પણ જેલ હવાલે કરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, તોડકાંડમાં યુવરાજ સિંહ અને તેના સાળા કાનભાના ૨૯ એપ્રિલના રોજ બે દિવસના રીમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા. પોલીસે પાંચ દિવસના રિમાન્ડની કરી હતી માંગણી કરી હતી. આ અગાઉ આ કેસમાં કોર્ટે સાત દિવસના મંજૂર રિમાન્ડ કર્યા હતા. નોંધનીય છે કે આ પૂર્વે પણ તોડકાંડમાં સંડોવાયેલા છઠ્ઠા આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. જૈંની ટીમે અલફાઝખાન પઠાણ ઉર્ફે રાજુને ઝડપી પાડ્યો હતો. અલફાઝ ઉપર બે લોકો પાસેથી બળજબરીપૂર્વક રૂપિયા પડાવવાનો આરોપ છે. અલફાઝેઁ દ્ધ દવે પાસે ૪૫ લાખ અને પ્રદિપ બારૈયા પાસેથી ૫૫ લાખ લીધાનો આરોપ છે.

અલફાઝે બંને સાથે એક કરોડમાં ડીલ કરી હતી. યુવરાજસિંહ સહિત તોડકાંડમાં છ સામે ફરિયાદ દાખલ થઈ હતી. જે પૈકી તોડકાંડના ૫ આરોપીની અગાઉ ધરપકડ થઈ ચુકી છે. આ તમામ આરોપીઓ પાસેથી અત્યાર સુધીમાં ૭૬ લાખ ૫૦ હજારની રકમ પણ જપ્ત કરવામાં આવી છે.

ભાવનગર ડમીકાંડની તપાસને રેલો હવે તોડકાંડમાં પરીણમ્યો છે. યુવરાજસિંહે ડમીકાંડમાં બે આરોપીઓના નામ જાહેર ન કરવા માટે બંને આરોપીઓ પાસેથી ૧ કરોડનો તોડ કર્યો હોવાનો ખૂલાસો થયો છે. જેમા યુવરાજસિંહ સહિતના તેના બે સાળાના નામ પણ સામે આવ્યા છે. આ સમગ્ર કેસમાં રોજ નવા-નવા ખૂલાસા થઈ રહ્યા છે. ત્યારે યુવરાજસિંહના સગા સાળા શિવુભા ગોહિલે ભાવનગરના નીલમબાગ પોલીસ સ્ટેશનમાં સરેન્ડર કર્યુ છે. યુવરાજ સામે ૧ કરોડની ખંડણી લેવાના આરોપ લાગ્યા છે.

# મુખ્યમંત્રીના એકના એક પુત્ર અનુજ પટેલને એર એમ્બ્યુલન્સથી મુંબઈ ખસેડાયા:હાલત સ્થિર

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના એકના એક પુત્ર અનુજ પટેલને રવિવારે બપોરે બ્રેઈન સ્ટ્રોક આવતા કે.ડી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આજે સવારે અનુજ પટેલને વધુ સારવાર માટે મુંબઈ ખાતે ખસેડવામાં આવ્યા છે. એર એમ્બ્યુલન્સ મારફતે તેઓને મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. અહીં અનુજ પટેલની સ્થિતિ સ્થિર હોવાનું જણાવાય છે. એ યાદ રહે કે નુજ પટેલની ખબર અંતર પૂછવા આજે સવારે રાજયપાલ આચાર્ય દેવવ્રત અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ કે.ડી. હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ સવારે હોસ્પિટલ પહોંચ્યા હતા અને અનુજ પટેલની સાથે તેઓ પણ મુંબઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પુત્ર અનુજ પટેલને બ્રેઈન સ્ટ્રોક આવ્યો હતો. બાદમાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવાયા હતા. તેઓની સારવાર વૈષ્ણવદેવી સર્કલ પાસે આવેલી કે.ડી. હોસ્પિટલમાં ચાલી રહી હતી. પરંતુ આજે વધુ સારવાર માટે અનુજ પટેલને મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં શિફ્ટ કરાયા છે. બીજી તરફ પુત્રની નાદુરસ્તીને કારણે જામનગરમાં સ્થાપના દિવસની થનારી ઉજવણીમાં મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યાં ન હતાં

અનુજ પટેલ રિયલ એસ્ટેટના બિઝનેસ સાથે સંકળાયેલા છે અને તેઓ એન્જિનિયર છે. અનુજ કન્સ્ટ્રક્શનનો બિઝનેસ કરે છે. અનુજે પણ પિતાની જેમ જ ડિપ્લોમા એન્જિનિયરિંગ કર્યું છે.

# 'આપ' નેતા ઈસુદાન ગઢવી વિરુદ્ધ સાયબર ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાઈ

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧ એક વિવાદિત ટ્વીટના કારણે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીની મુશ્કેલીમાં વધારો થયો છે. ઈસુદાન ગઢવી વિરૂદ્ધ સાયબર ક્રાઈમ બ્રાન્ચે ફરિયાદ નોંધી છે. ઈસુદાન ગઢવીએ પીએમ મોદીના મનકી બાત કાર્યક્રમના ખર્ચ અંગે એક ટ્વીટ કર્યું હતું. તેમણે ટ્વીટર પર લખ્યું હતું કે-'' મન કી બાતનો એક દિવસનો ખર્ચ ૮.૩ કરોડ છે. ૧૦૦ એપિસોડના ૮૩૦ કરોડ આપણા ટેક્સના ફૂંકી માર્યા હવે તો હદ થાય છે. ભાજપના કાર્યકરોએ જાગીને આ અંગે વિરોધ કરવાની જરૂર છે.'' તેમણે આ ટ્વીટ કર્યા બાદ તેને ડિલિટ પણ કરી દીધુ હતું. પરંતુ પીઆઈબી ફેક્ટચેક નામના ટ્વીટર એકાઉન્ટે સત્ય હકીકત ચકાસીને ઈસુદાને રજૂ કરેલી માહિતી ખોટી હોવાનો દાવો કર્યો છે. પીઆઈબી ફેક્ટચેક પ્રમાણે, રૂપિયા ૮.૩ કરોડ એ મન કી બાત કાર્યક્રમ માટે અત્યાર સુધીની જાહેરાતોનો કુલ આંકડો છે. એક એપિસોડ માટેનો ખર્ચ કરવામાં આવ્યો નથી. થોડા દિવસો પહેલા ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા છઁછ નેતા ગોપાલ ઈટાલિયાએ હર્ષ સંઘવી સામે ટિપ્પણી કરી હતી. ગોપાલ ઈટાલિયાએ ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી સામે ડ્રગ્સ મામલે એક ટિપ્પણી કરી હતી. આ બાદ આ મામલે સુરતમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ગોપાલ ઈટાલિયાએ ટિપ્પણી કરતા હર્ષ સંઘવીને 'ડ્રગ્સ સંઘવી' કહ્યા હતા. આ સાથે તેમણે કહ્યુ હતુ કે, ગૃહમંત્રીને ભગવાન ગણપતિ સદબુદ્ધિ આપે, મારા પર એફઆઈઆર કરવાથી અદાણી પોર્ટ પર આવતું ડ્રગ્સ બંધ નહીં થાય. મેં જીવનમાં ક્યારેય નશો કર્યો નથી, નશો વેચ્યો નથી, છતાં મારા ફરિયાદ કરી રહ્યા છે. તેથી લાગી રહ્યું છે કે ભાજપ આમ આદમી પાર્ટીથી ડરી ગઈ છે. ગોપાલ ઈટાલિયાની આવી ટિપ્પણી બાદ ઉમરા પોલીસ સ્ટેશનમાં તેમની સામે બદનક્ષીની ફરિયાદ કરવામાં આવી હતી. આ અગાઉ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ગોપાલ ઈટાલીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદી અમિત આહિરે આરોપ લગાવ્યો હતો કે,જાહેર સભામાં ભગવાન શ્રી કષ્ણને તેઓએ રાક્ષસો સાથે સરખાવીને સમસ્ત હિન્દુ સમાજની લાગણી દુભાવી હતી. મહત્વનું છે કે, ભાવનગર શહેરના ઉમરાળા પોલીસ સ્ટેશનમાં ગોપાલ ઈટાલીયા વિરુદ્ધ ફરિયાદ થઈ હતી. પોલીસે આઈપીસી ૨૯૫છ અને આઈપીસી ૨૯૮ ની કલમ મુજબ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.